# ભક્તિચિંતન

DILERs

*With Best Compliments From:*

# Lalit Pipes & Pipes Ltd.

***Well Known Pipe Makers (IBR)***

## PRODUCT RANGE

| | |
|---|---|
| **OUTSIDE DIAMETER** | : 14" TO 130" (355mm TO 3300 mm) |
| **WALL THICKNESS** | : 5 mm to 65 mm |
| **LENGTH** | : Double Random Length of 12 meters |

**Pipes are manufactured to the following National / International specifications :**

| SPECIFICATION | APPLICATION |
|---|---|
| IS-3589 | : Steel pipes for water, gas and sewage. |
| API-5L upto X-70 PSL I & PSL II / IS 1978 | : Line pipes for transportation of gas, water and oil in the oil and the natural gas industry. |
| ASTM-A 671 | : Pipes for high pressure at low temperatures. |
| ASTM-A 672 | : Pipes for high pressure at moderate temperatures. |
| ASTM-A 691 | : Carbon and alloy steel for high pressure at high temperature. |

We are specialized in the manufacturing of **PENSTOCK, DREDGING PIPES, LOW TEMPERATURE** and also **SMALL DIAMETER and HIGH THICKNESS** pipes.

We can also manufacture pipes as per customers specific requirements.

***Tonnes of Experience Behind Each Kg.®***

# Lalitchintan



*In Memory of Our beloved Respected Elders......*

Published by

**DILERs**

212, Hermes Atrium, Sec. 11,
CBD Belapur, Navi Mumbai - 400 614. (INDIA)
Tel. : 0091-22-2756 1169 Fax : 0091-22-2756 1173
E-mail : info@lalitsawpipes.com
lalitsawpipes@vsnl.com
Visit us at : www.lalitsawpipes.com

# Lalitchintan

Compilation of thoughts

First Edition : 1000 - December, 2005
Second Edition : 1000 - December, 2007
Third Edition : 2000 - November, 2008

Price : Priceless

Printed by :
**Dolphin Printers**
4, Friends Shopping Centre,
Azad Road, Gundivali,
Near New BMC Office,
Andheri (E), Mumbai - 400 069.

# લલિતચિંતન વિચારોનું વૃંદાવન

સૃષ્ટિનું શ્રેષ્ઠ પ્રાણિ માનવ, ક્યારેય એકલો અટૂલો નથી હોતો, ઉમદા વિચારોનું વૃંદાવન હંમેશા તેની સાથે હોય છે. આવા ઉમદા વિચારો હંમેશા માનવ મગજને મહત્વનું વિટામીન પૂરૂં પાડી તેને સતેજ રાખે છે.

વિચારોના આ વૃંદાવનો મહાન સંત પુરૂષોની પરિકલ્પનાઓના સંગ્રહાલય સમાન હોય છે. તે પ્રત્યેક ધર્મ અને સમાજની કરોડ રજજૂ પણ બની રહે છે.

અમે સ્પષ્ટ રીતે માનીએ છીએ કે શબ્દોનો આ બગીચો તમારા મગજને સજજતા બક્ષવાનું ઉત્તમ ખાતર પણ બની રહે તેમ છે. તે જીવનને સુખ શાંતિમય બનાવી માનવીય મુલ્યોને હકારાત્મક રીતે જોવાનો અરીસો

જયારે ચાહો ત્યારે આપના

દિલેર

# હે પ્રભુ !

સંજોગો વિકટ હોય ત્યારે
સુંદર રીતે કેમ જીવવું તે મને શીખવ,
બધી બાબતો અવળી પડતી હોય ત્યારે
હાસ્ય અને આનંદ
કેમ ન ગુમાવવાં તે મને શીખવ,
પરિસ્થિતિ ગુસ્સો પ્રેરે તેવી હોય ત્યારે
શાંતિ કેમ રાખવી તે મને શીખવ,
કામ અતિશય મુશ્કેલ લાગતું હોય ત્યારે
ખંતથી એમાં લાગ્યા કેમ રહેવું તે મને શીખવ,
કઠોર ટીકાઓનો વરસાદ વરસે ત્યારે તેમાંથી
મારા ખપનું ગ્રહણ કેમ કરી લેવું તે મને શીખવ,
પ્રલોભનો, પ્રશંસા, ખુશામતની વચ્ચે
તટસ્થ કેમ રહેવું તે મને શીખવ,
ચારે બાજુથી મુશ્કેલીઓ ઘેરી વળે,
શ્રદ્ધા ડગુમગુ થઈ જાય, નિરાશાના વમળમાં
મન ડૂબી જાય, ત્યારે ધૈર્ય અને શાંતિથી
તારી કૃપાની પ્રતિક્ષા કેમ કરવી તે મને શીખવ.

# લલિતચિંતન

* મન મળ્યું છે વિચારવા માટે, જ્યારે બુદ્ધિ મળી છે નિરાંતે નિર્ણય કરવા માટે.

* જાત ને બદલશો તો આખું જગત બદલાઈ જશે.

* ઈશ્વર બધે નથી પહોંચી શકતો માટે તેણે 'મા' નું સર્જન કર્યું છે.

* કદમ અસ્થિર હોય તેને રસ્તો કદી જડતો નથી,
  અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી.

* સુખ અને આનંદ એવા અત્તર છે કે જેટલા બીજા પર છાંટશો તેટલી ખુશ્બૂ તમને વધુ આવશે.

* આપણો આજનો દૃઢ સંકલ્પ એ આવતી કાલની સફળતા છે.

* ગઈ કાલે બનેલી ચિંતાજનક ઘટના જે ભૂલી જાય છે તેની ગ્રાહ્યશક્તિ ઉત્તમ કહેવાય.

* સરી જવું, વહી જવું અને સરકી જવું એ જ તો સમયનો સ્વભાવ છે ! માટે એક ક્ષણનો પણ વ્યય ન કરો.

* પ્રેમ તો ચંદ્રમા જેવો છે, એ જ્યારે વધતો નથી ત્યારે ઘટવા માંડે છે, પૂર્ણિમાથી અમાસની જેમ.

* વધારે એ જ બોલે છે જેને ખરેખર બોલતા નથી આવડતું કારણ કે 'સત્ય' તો સંક્ષેપમાં સમાયેલ છે.

* 'સુખ' એટલે હાથવગા હોય એટલા ફૂલોમાંથી ગજરો બનાવવાની કળા.

* દીર્ઘાયુ સૌને બનવું છે પરંતુ ઘડપણ કોઈને ગમતું નથી.

* જેની પાસે ધન ઓછું છે તે ગરીબ નથી, પરંતુ જેની ઈચ્છાઓ અતૃપ્ત છે તે જ ખરેખરો ગરીબ છે.

# લલિતચિંતન

* આજના સૂર્યને આવતી કાલનાં વાદળો પાછળ સંતાડી દેવો એનું નામ 'ચિંતા'.

* સારા સમયમાં મિત્રો આપણને ઓળખે છે અને નબળા સમયમાં મિત્રોને આપણે ઓળખતા થઈએ છીએ.

* બધા મનુષ્યો બિરલા બની શકતા નથી, પરંતુ સજ્જન તો હર કોઈ બની શકે છે.

* ટીપે ટીપે સરોવર ભરાય તેમ ખાલી પણ થાય, તે એટલી જ સાચી વાત છે.

* તમે કેટલી વસ્તુઓ વસાવો છો તેના કરતાં કેટલી વસ્તુઓ વિના ચલાવી શકો છો એમાં આત્મ ગૌરવ સમાયેલ છે.

* દિવસ ઊગતા બસ એટલો વિચાર આવી જાય છે કે જીવનનો એક દિવસ આજે ઓછો 'થશે' તો જીવનની ક્ષણભંગુરતાનો સતત ખ્યાલ રહે.

* સૌંદર્ય નાશવંત છે તે સમજાવવા જ પ્રભુએ પુષ્પો સર્જ્યાં છે.

* પ્રેમ એક બીજાની સામે જોઈ રહેવામાં નથી, પરંતુ બન્ને સાથે રહી દૂર દૂર જોવામાં છે.

* હૃદયની લાગણીને શબ્દનું રૂપ આપવાથી તેની કિંમત ઓછી થઈ જાય છે.

* કેવળ શ્વાસ લેવાથી જીવન ચાલતું નથી, કાઢવો પણ પડે છે એમ...સંપત્તિ પ્રાપ્ત કરવાથી ન ચાલે, દાન રૂપે આપવી પણ પડે.

* ખુદા તારી કસોટીની પ્રથા સારી નથી હોતી, કે સારા હોય છે તેની દશા સારી નથી હોતી.

# લલિતચિંતન

- સાચી મૈત્રી સુખનો ગુણાકાર અને દુઃખનો ભાગાકાર કરે છે.
- પ્રમાણિક પણે જીવવામાં જરાયે ચિંતા કરવી પડતી નથી, કારણકે એમાં કોઈ રિસ્ક હોતું નથી.
- શાંતિથી ક્રોધને મારો, નમ્રતાથી અભિમાનને જીતો, સરળતાથી માયાનો નાશ કરો, સંતોષથી લોભને કાબૂમાં રાખો.
- તમારૂં તીર નિશાન પર ત્યારે જ પહોંચે જ્યારે તમે તેને હાથમાંથી છૂટું મુકો.
- વિતેલો દિવસ કેન્સલ કરેલા ચેક જેવો છે, આવતી કાલનો દિવસ પ્રોમિસરી નોટ જેવો છે જ્યારે આજનો દિવસ રોકડ રકમ જેવો છે.
- જગતમાં માત્ર બેજ વ્યક્તિ મૂર્ખ છે -
  ૧) નિંદા કરનાર, ૨) નિંદા સાંભળનાર
- કદી નીચે ન પડવામાં મહાનતા નથી, પરંતુ નીચે પડી ફરી ઊભા થઈ જવામાં મહાનતા છે.
- તમે જો સીધા ઊભા રહ્યા હો તો વાંકાચૂકા પડછાયાની દરકાર ન કરશો.
- વિચાર ગમે તેવો સુંદર હોય પણ તે આચાર વિના નકામો છે.
- જે ફૂલો આપે છે તેના હાથમાં પહેલા સુગંધ આવે છે.
- સુખનો આધાર સંપતિ સાથે નથી, પરંતુ સંતોષ સાથે છે, સદા આનંદમાં રહો.
- સાહસ વિના સિદ્ધિ નથી, પરંતુ એ પણ ધ્યાનમાં રાખવું કે જેટલા ઊંચે ચઢશો તેટલી નીચે પડવાની શક્યતા છે.

# લલિતચિંતન

* જિન્દગી એ જ સાચો પડઘો છે
  હોય ના વ્યક્તિ ને એનું નામ બોલાયા કરે !

* દરેક વ્યક્તિમાં કોઈને કોઈ ખૂબીઓ અને ખામીઓ હોય છે,
  આપણે ખૂબીઓને જોવી ખામીઓને નહી.

* ક્યારેક દુશ્મન કરતાં મિત્રને માફી આપવાનું કામ વધારે કપરૂ હોય છે.

* બહેરો પતિ અને મૂંગી પત્ની એટલે આદર્શ 'યુગલ'.

* સુખી થવાનો એક માત્ર ઉપાય : નબળી સ્મૃતિ બધુ ભૂલી 'જાઓ'.

* લાભ વધે તેમ લોભ વધે, તો સંતોષ દ્વારા લાભ ઉપર કાબૂ રાખો.

* પ્રાર્થના થતી હોય છે, કરવાની નથી હોતી.

* કોને ખાલી સુખ ટકી રહ્યું ? એકલું દુઃખ કોને ?
  ઊંચી નીચી ફરી રહે દશા, ચકધારા પ્રમાણે.

* બધુ ઉછીનું હોઈ શકે પણ અનુભવ તો પોતાનો જ હોય.

* મિલનના લલાટ પર હંમેશા વિરહનું તિલક હોય છે.

* સીડીની ટોચ પર પહોંચેલો માણસ પહેલા પગથિયા નો ઋણી રહેવો જોઈએ.

* ધનવાન, બળવાન કે ભાગ્યવાન બનવા કરતાય ક્ષમાવાન બનવું મુશ્કેલ છે.

* ન ખરચો નૂર આંખોનું કોઈના દોષ જોવામાં,
  દીધી છે આંખ તો પ્રભુએ દરશો નિર્મળ નિહાળવા.

* અનુભવો ને ઊંડાણથી અનુભવીએ તો તેની અનુભૂતિ થાય છે.

* પરાજય કે નિષ્ફળતા ક્યારેય અંતિમ હોતા નથી.

# લલિતચિંતન

* પિતાની ઝૂંપડીમાં પાંચ પુત્રો વસી શકે પરંતુ પુત્રોના પાંચ મહેલમાં એક પિતા સમાય કે ?

* હે પ્રભુ ! હું જે ઈચ્છું તે નહિ - પણ જે યોગ્ય હોય તે જ થજો.

* ઉપર જવાનો કે નીચે ઉતરવાનો રસ્તો એક જ હોય છે.

* ઈશ્વર એક વાર જ એક ક્ષણ આપે છે અને બીજી ક્ષણ આપતાં પહેલી ક્ષણ આંચકી લે છે.

* કવર પર ચીટકાડેલ ૧ રૂ. ની ટિકિટ પર શ્રદ્ધા છે પરંતુ આપણને આપણામાં વિશ્વાસ નથી.

* જીવન એ અરિસા જેવું છે, તમે તેના તરફ 'ભવાં' ચડાવશો તો એ સામે ચડાવશે અને 'સ્મિત' કરશો તો સામે હસશે.

* આપણે ક્યા ઊભા છીએ તે મહત્વનું નથી પરંતુ કઈ દિશામાં જઈ રહ્યા છીએ તે અગત્યનું છે.

* કીડી પાંદડે તરે અષ્વપૂરે..... ત્યાં હાથી તણાતો જોયો નદીમાં.

* જે કાંઈ મળ્યું છે, તેમાં સંતોષ માનવો એ જ સુખી થવાની ચાવી છે.

* આપણા મનમાં ૧૦૦ ટકા શક્તિઓ છે એનાથી માત્ર ૧૦ ટકા શક્તિઓનો જ આપણે ઉપયોગ કરીએ છીએ.

* વહેલું મોડું સૌએ જવાનું..... આ દુનિયા છે મુસાફિરખાનું.

* ક્યારેય 'ભવિષ્ય' નો વિચાર ન કરવો, કારણ કે વિચારવામાં જ 'ભવિષ્ય' 'વર્તમાન' બની જાય છે.

* 'સ્મિત' એ બે વ્યક્તિઓ વચ્ચેનું ટૂંકામાં ટૂંકુ અંતર છે.

# લલિતચિંતન

* 'સુંવાળી' જિન્દગી માટે પ્રાર્થના ન કરશો, પ્રાર્થના કરજો 'બળવાન' બનવાની.

* જીવનના લપસણા પ્રવાહો વચ્ચે જે સ્થિર ઊભો રહી શકે તે જ ખરો વિવેકી માણસ માનવો.

* જે રીતે ફુગાવો વધતો જાય છે, ત્યારે કોઈને 'લાખ રૂપિયાનો માણસ' કહેવો તે શું તેનું અપમાન નથી ?

* 'સાદાઈ' એ આડંબર અને સામ્યતા વચ્ચેનો મધ્યમ વર્ગ છે.

* લોકોની સાથે હસો..... પરંતુ લોકો પર નહીં.

* અંધકારમાં ધૂળના રજકણો તો હોય છે, પરંતુ તે પ્રકાશ વિના દેખાતા નથી.

* જે લોકો સંપત્તિ વધારતા જાય છે તે ચિંતાઓની પણ વૃદ્ધિ કરે છે.

* 'મન' માનવીના 'દોસ્ત' અને 'દુશ્મન' બન્ને બનવાનું કાર્ય કરે છે.

* કોઈ પણ પ્રસંગે.... 'પ્રેમથી' જાઓ.... જોવો.... અને જીવો....

* 'ભૂલ' કરી હોય આપણે તો તેને સ્વીકારીને હળવા બની જવું અને 'ભૂલ' કરી હોય બીજાએ તો તેને ભૂલીને હળવા બની જવું.

* 'હું સર્વ જીવોને ખમાવું છું, સર્વ જીવો મને ક્ષમા આપો. સર્વ જીવો પ્રત્યે મારે મૈત્રી ભાવ છે. મારે કોઈની સાથે વૈર બુદ્ધિ નથી'. આ ભાવના આપણા સૌના જીવનમાં કાયમ રહો... મિચ્છામી દુક્કડમ્.

* પૂજા માટે જોડેલા બે હાથ કરતા સેવા માટેનો એક હાથ વધુ મહત્વનો છે.

* મોહને વશ થઈ મનુષ્ય અધર્મને આચરતો હોય છે.

# લલિતચિંતન

* જગતમાં ઠેરઠેર ઘોંઘાટ અને ધાંધલ છે, તેનો લેપ આપણને ન લાગે તેનો સતત ખ્યાલ રાખવો.

* વિચારો સ્થગિત થતાં જીવન સ્થગિત બની જાય છે.

* સંયોગ અને વિયોગ સિક્કાની બે બાજુ છે. પછી અફસોસ શાને ?

* જો તમે તમારી આવક કરતાં ઓછો ખર્ચ કરી શકતા હો તો ચોક્કસ માનો કે તમને પારસમણિ હાથ લાગ્યો છે.

* જિન્દગીમાં ફતેહ મેળવવા માટે સૌથી ઉત્તમ રસ્તો એ છે કે જે શિખામણ આપણે બીજાને આપીએ છીએ તેનો પ્રથમ અમલ કરીએ.

* વિજ્ઞાને દુનિયાને બહુ નજીક લાવી દીધી છે પરંતુ માનવી માનવીથી દૂર થતો જાય છે.

* ઉદારતા દૌલતની વૃદ્ધિમાં નથી પરંતુ ઉદારતા દિલમાં વસે છે.

* માગવાનું કહે તો માગી લઉં પ્રભુ - દઈ દે એવું મન કે માંગે નહિ કશું.

* લાંબા સમય પછીના મિલનનો તબક્કો જુદો જ હોય છે, કહેવાનું ઘણું હોય પણ યાદ કશું ન આવે.

* પ્રાર્થનામાં વાણિયા વૃત્તિ ન ચાલે, તે જીભથી નહિ પરંતુ જીવથી હોવી જોઈએ.

* એક કફન તો મળ્યું છે જતાં જતાં, આવ્યા હતા એ વખતે કશું ન હતું અંગ પર !

* બીજાના સુખે સુખી ને બીજાના દુઃખે દુઃખી થવું તે જ પ્રેમની વ્યાખ્યા છે.

* સંસારમાં કોઈ જાતની સુખની ઈચ્છા રાખવી એ જ બંધન છે.

# લલિતચિંતન

* ફિલસૂફી એટલે જે વિષય વિશે આપણે કશું જ જાણતા નથી તેની સુવ્યવસ્થિત ચર્ચા કરવાની પદ્ધતિ.

* પોતાને જે હલેસાં મળેલા હોય તેના વડે જ હોડી ચલાવવાની હોય છે.

* જીવનની જેટલી ક્ષણો સત્સંગમાં જાય છે, એટલી ક્ષણો મનુષ્ય સાચા અર્થમાં જીવે છે.

* સહનશીલતાના ગુણ પર વિજયની મહેલાત ખડી થાય છે.

* બે ફૂલ ચડાવું રસ્તામાં - પ્રભુ નથી મળતો એમ સસ્તામાં.

* સદ્‌વિચારો મનુષ્યના વર્તનની પાછળનું મજબૂત ચાલક બળ છે.

* જિન્દગી આપણને મળી છે જાણો છો એ કેવડી છે ?
  આવી અને ચાલી ગઈ બસ એ ક્રિયાપદ જેવડી છે.

* ટનભર ઉપદેશ કે મણભર શ્રવણ કરતાં કણભર આચરણ અગત્યનું છે.

* આખા જગતનો અંધકાર પણ એક નાની મીણબત્તીના પ્રકાશને બુઝાવી શકતો નથી.

* હાસ્ય એ માત્ર જીવન જીવવાની જડીબુટ્ટી જ નથી પરંતુ જીવન જીવવાનું ઉત્તમ શસ્ત્ર છે.

* 'લાભ' વધે તેમ લોભ વધે આ મનુષ્ય જીવનની નબળાઈ છે.

* મોટા ભાગના નેતાઓ 'સત્ય' ને બહુજ 'અમૂલ્ય' મૂડી ગણતા હોવાથી તેનો ઉપયોગ ભાગ્યે જ કરે છે.

* મન, મોતી કે કાચ એક વખત તૂટે પછી એનો સાંધો થઈ શકે નહી.

* ઘણું આપવાની તાકાત કદાચ કર્મમાં છે, પણ બધું જ આપવાની તાકાત તો ફક્ત ધર્મમાં જ છે.

# લલિતચિંતન

* ૪૦મું વર્ષ એ યૌવનની વૃદ્ધાવસ્થા છે, જ્યારે ૫૦મું વર્ષ એ વૃદ્ધાવસ્થાનું યૌવન છે.

* ઘણું ટકા લોકો અન્ય વ્યક્તિઓની જિન્દગીના ન્યાયાધીશો બની બેઠા હોય તેવી વાતો કરતા હોય છે.

* ફક્ત આ ક્ષણ જ અગત્યની છે.

* શરીર માટે ખોરાક જરૂરી છે તેમ આત્મા માટે પ્રાર્થના જરૂરી છે.

* ભક્ત એ છે જે ઈશ્વરને પ્રેમ કરે છે. જ્યારે સંત એ છે કે જેને ઈશ્વર પ્રેમ કરે છે.

* જગતમાં સૌથી સસ્તી ચીજ કોઈ હોય તો તે શિખામણ છે.

* આ દેહ ને હું માનવું એ એક ભ્રાંતિ છે.

* આપણે પ્રભુને મંદિરમાં પૂરી રાખ્યો છે તેને બદલે આપણા હૃદયમાં રાખવાની જરૂર છે, આ છે 'સંત' બનવાની ચાવી.

* 'ચારિત્ર' એ ઘટાદાર વૃક્ષ છે, જ્યારે 'પ્રતિષ્ઠા' તેનો છાંયો છે.

* પ્રાર્થના એ સવારની ચાવી અને સાંજની સ્ટોપર છે.

* જીવન આપવું ઈશ્વરના હાથમાં છે, પરંતુ તેને કેવી રીતે જીવવું તે આપણા હાથમાં છે.

* 'અહંકાર' અને 'અલંકાર' ત્યાગવાથી જ જીવન ધન્ય બને છે.

* બીજાની ભૂલોને માફ કરવી કદાચ સહેલી છે પણ આપણી ભૂલ કાઢનારને માફ કરવું મુશ્કેલ છે.

* પરિવર્તનશીલ જગતમાં બધું જ બદલાય છે, માત્ર પરિવર્તનનો નિયમ બદલાતો નથી.

# લલિતચિંતન

* આજની 'મહેનત' એજ આવતી કાલનું 'નસીબ' છે.

* અજ્ઞાનનો સ્વીકાર એ જ્ઞાનનું પહેલું પગથિયું છે.

* જિંદગીને સોના જેવી બનાવવી હોય તો સંઘર્ષની આગમાંથી પસાર થવાની તૈયારી રાખો.

* ઘર એટલે પ્રેમ, વિશ્વાસ અને શાંતિનો ત્રિવેણી સંગમ.

* ભગવાન કરતાં મંદિર મહત્વનું બને ત્યારે ધર્મને ઑક્સિજન પર જીવવું પડે છે.

* એક ઠોકરમાં છોડી ન દો... રાહમાં આગળ નથી પથ્થર બધા...

* ફક્ત એક નાની બારી ખૂલે છે અને તેમાંથી વિશાળ આકાશ દેખાય છે.

* આનંદ એ અમુક દિવસને માટે માણવાની ચીજ નથી પણ ક્ષણે ક્ષણે અનુભવવાની બાબત છે.

* મોંઘવારી આપણી ઉંમર જેવી છે. જે વધે છે તે પછી કદી ઘટતી નથી.

* ઘણા માણસો 'સમય' નથી એવું કહ્યા કરવામાં ખાસ્સો 'સમય' બગાડે છે.

* આપણા દોષોને ફિક્સ ડિપોઝીટમાં મૂકી રાખવાનું આપણને ગમે છે, કારણકે તે આપણાં પોતાના છે.

* 'મોક્ષ એટલે મોહ નો ક્ષય' - કેટલો સરળ અર્થ છે ? પરંતુ કેટલો મુશ્કેલ લાગે છે.

* હળવા બન્યા વિના કદી પ્રવાસ ન થાય, પછી તે વાહનું હોય કે મનુષ્ય !

# લલિતચિંતન

* જ્યારે ચિંતા અને ભય તંગ કરે ત્યારે થોડા સમય માટે વાતાવરણ બદલી નાખો.

* સ્ત્રીઓને રસોડાની રાણી કહેવાય છે, પરંતુ રસોડાની દરેક વસ્તુઓ જેવી કે થાળી, વાટકા, તપેલા વગેરે... વગેરે પર પણ તેના પતિનું નામ હોય છે.

* જીભ 'તોતડી' ચાલે પણ 'તોછડી' તો ન જ ચાલે.

* ગગનનાં ગ્રહ નડતા નથી તેટલા મનનાં પૂર્વગ્રહ વ્યક્તિને નડે છે.

* પ્રસન્ન દામ્પત્ય એટલે : સમજદારીનો સરવાળો, અપેક્ષાઓની બાદબાકી, સહકારનો ગુણાકાર અને અવિશ્વાસ નો ભાગાકાર.

* સચવાય ના સ્વમાન, તો એ જિન્દગી નથી,
નાચે નહીં ભગવાન, તો એ બંદગી નથી.

* સુખ પ્રાપ્તિની ઈચ્છા એટલે દુઃખનો પ્રારંભ.

* ધર્મનો હેતુ લોકોનો અભિપ્રાય બદલવાનો નથી, પરંતુ એનું જીવન બદલવાનો છે.

* સાધકના જીવનમાં સંગનું બહુ જ મહત્વ છે અને તે છે 'સત્સંગ'.

* ક્રોધ એ ટૂંકા ગાળાનું ગાંડપણ છે.

* જિન્દગીમાં કાંઈ મેળવવા માટે ગુમાવવાની તૈયારી રાખવી જોઈએ.

* દેહ પ્રત્યેનો મમત્વભાવ છૂટે તો જ આત્મામાં એકાકાર થઈ શકાય.

* પ્રાપ્તિના સુખ કરતાં, અપ્રાપ્તિનું દુઃખ વધુ મૂંઝવતું હોય છે.

* સ્મરણ એ મિલનનું જ સ્વરૂપ છે.

* ધ્યેય સિદ્ધિ માટે નિયમ અને સંયમ અનિવાર્ય છે.

# લલિતચિંતન

* જીવનમાં એવી પળો આવતી રહે છે ત્યારે પ્રાર્થના કરવી પડતી નથી પરંતુ થઈ જાય છે અને તે જ સાચી પ્રાર્થના છે.

* જે સફળ થાય છે તેને બધા લોકો અનુસરતા હોય છે.

* ખુદને પામે તે ખુદાને પામી શકે છે. પોતાની જાત સાથે વાતો કરતા શીખો.

* મઝામાં રહેતા શીખવું હશે, તો ફરિયાદ કરવાની ટેવ છોડી દેવી પડશે.

* ઉંમર વધે છે તેના સાથે બુદ્ધિ પણ વધે છે તેવો કોઈ સિદ્ધાંત નથી.

* શું કામનો મોટો સમંદર... તૃષ્ણા કોઈની ના ટળે,
ભલે હોય ઝરણું નાનું... જ્યાં સર્વને શાંતિ મળે.

* સ્વસ્થતા વિનાનું જીવન એકડા વગરનાં મીંડા બરાબર છે.

* કોલસાને ૧૦૦ મણ સાબુએ ધોઈએ તો પણ તે તેનો સ્વભાવ (કાળો રંગ) નહિ છોડે... માણસનું પણ આવું જ છે.

* બીજાના રોગની ચર્ચા કરવાથી, પોતાની તંદુરસ્તી વધતી નથી.

* જે વસ્તુ બધી જગ્યાએ હોય તેની કિંમત હોતી નથી,
દા. ત. મ. ગાંધી રોડ !

* આપણે બીજા સાથેની મુલાકાત માટે ઘણો સમય કાઢીએ છીએ, પરંતુ પોતાની જાત સાથેની 'Appointment' મુલાકાત સૌથી વધુ અગત્યની છે.

* પ્રવૃત્તિ વખતે જ પરિણામ નિર્માણ થાય છે.

* ચૈતન્ય પર જડનું શાસન ન થવા દો.

Lalit®

# લલિતચિંતન

- જે વાત પ્રિય હોય તે હિતકર પણ હોય એ જરૂરી નથી, અને જે હિતકર હોય તે પ્રિય લાગે એ પણ જરૂરી નથી.

- માણસની સૌથી મોટી દોલત તેની તંદુરસ્ત જિન્દગી છે.

- જીવન કેમ જીવવું તેની કલા શીખવી એ જ ધર્મ છે.

- સામી વ્યક્તિની ભૂલ માફ કરી શકાય છે પણ વ્યક્તિ ભૂલી શકાતી નથી.

- આ સંસાર માં માલિક બનીને નહિ, પરંતુ મહેમાન બનીને રહો.

- માનવી સર્વે સરખા નહિ, કહ્યાપણવાળા થોડા,
  ચોમાસાના વરસે છે ચાર, ને બાકી આઠ છે કોરા.

- જે વ્યક્તિ બહુ સમજતો હોય છે અને બીજા કહે છે તે સમજવા માગતો નથી. તેથી જ તે નથી સમજતો તેવો ડોળ કરતો હોય છે.

- જિન્દગી ટૂંકી અને જંજાળ લાંબી છે, જંજાળ ટૂંકી કરીએ તો જિન્દગી લાંબી બની જાય છે.

- ભૂલા પડવાનો એક ફાયદો છે કે કેટલાક નવા રસ્તા પરિચિત થાય છે.

- તિરસ્કાર એસિડ જેવો છે, જેના પર રેડવામાં આવે છે તેના કરતાં જે વાસણમાં ભર્યો હોય તેને વધુ નુકશાન કરે છે.

- દૃષ્ટિને એવી ગુણમય બનાવીએ કે કોઈના દોષ દેખાય નહિ.

- એક દિપકથી બીજો દિપક પ્રગટાવીએ તેમાં પહેલા દિપકે કશું ગુમાવવાનું નથી.

- યુક્તિઓ માણસને ચાલાક બનાવે છે, પણ તેનું ચારિત્ર ઘડી શકતી નથી.

# લલિતચિંતન

* સંજોગો ન સુધરે તો આપણે સુધરવું જોઈએ.

* જીવનમાં જે વસ્તુઓને પ્રાપ્ત કરતાં વર્ષો લાગે છે તેને અંતસમયે છોડી દેતાં એક સેકન્ડ પણ લાગતી નથી.

* 'શબ્દ' સ્પર્શે તો જીવન બદલાય, તેમ 'ચિંતન'નું એક વાક્ય સ્પર્શી જાય તો...

* તળાવ સૂકાઈ ગયા પછી તેના કિનારાની કાંઈ કિંમત નથી.

* જબ તું આયો જગતમેં, જગ હસે તુમ રોય,
  કરણી ઐસી કર ચલો, તુમ હસે જગ રોય.

* તક બારણે ટકોરા લગાવતી હોય ત્યારે બારણું ખોલવાને બદલે ઘણાં બહારનાં ઘોંઘાટની ફરિયાદ કરતા હોય છે.

* ઘડાને પાણીથી ભરવા માટે જેમ સરોવરમાં નમવું પડે છે તેમ નમ્યા સિવાય સદ્ગુણો હૃદયમાં આવી શકતાં નથી.

* જે સમયને બરબાદ કરે છે તેને સમય બરબાદ કરી નાખે છે.

* મહત્વના બનવું તે સારૂં છે, પણ સારા બનવું તે વધું મહત્વનું છે.

* મારા મૂડને પલટાવવાની શક્તિ ફક્ત મારામાં જ રહેલી છે.

* પહેલા સાચા 'માનવ' બનો પછી અચૂક 'મહામાનવ' બની શકશો.

* સમય પાકે તે પહેલા અને નસીબમાં લખેલ હોય તેનાથી વધુ કોઈને મળતું નથી.

* ભંડાર જ્યાં ભરપૂર છે, ખાનાર ત્યાં કોઈ નથી, ને ભૂખ છે ખાનાર ત્યાં કાંઈ ખાવાનું નથી... કેવી વિચિત્રતા છે !

* રાત્રિ ગુપ્ત રીતે પુષ્પને ખીલવે છે અને એનું માન 'દિવસ' ખાટી જાય છે.

# લલિતચિંતન

* માણસને બોલવાનું શીખવામાં બે વર્ષ લાગે છે પણ પછી મુંગા ક્યારે રહેવું એ શીખવામાં એની આખી જિન્દગી નીકળી જાય છે.

* છે ગરીબોના ઘરમાં તેલનું ટીપું મોંઘું,
ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે !

* માનવી જીવન કરતાં મૃત્યુનો વિશેષ વિચાર કરે છે કેમ કે તેને જીવન જીવતાં આવડતું નથી.

* જ્યાં સુધી સમાજ રહેશે ત્યાં સુધી સમસ્યાઓ રહેવાની જ છે.

* અંધકારમાં પડછાયો પણ માણસનો સાથ છોડી દે છે.

* કદી નાસીપાસ ન થશો, ઘણીવાર ઝૂડામાંની છેલ્લી ચાવી જ તાળું ખોલી આપે છે.

* કોઈ મને ગુસ્સે કરી શકે તેનો અર્થ એ થયો કે મારા મગજનો 'રિમોટ કંટ્રોલ' તેના હાથમાં છે.

* છેતરવાં કરતાં છેતરાઈ જવું વધારે સારું છે.

* કરકસરના બહાના નીચે 'લોભી વૃત્તિ' પેસી ન જાય તેની કાળજી રાખવી.

* ભીતરના શત્રુઓ જ બહારના શત્રુઓ ઊભા કરે છે.

* 'ઊઠવું' એ શરીરની, અને 'જાગવું' એ મનની પ્રક્રિયા છે.

* નિવૃત્તિ એટલે પોતાને મનગમતી પ્રવૃત્તિ કરવી તે.

* જીવનના શ્રેષ્ઠ આનંદનો અવસર ચાલ્યો જાય તે પહેલાં જ માણી લેતા શીખો.

* માનવી ગુસ્સાનો માલિક નહિ પરંતુ ગુલામ હોય છે.

# લલિતચિંતન

* હરરોજ રાત પછી સવાર થતી જ હોય છે, તો.... દુઃખ પછી સુખ હોય જ ને !

* વિવાહ અને વિવાદ સરખે-સરખાં વચ્ચે જ શોભે.

* સરખી બુદ્ધિ સર્વમાં જો પ્રભુએ દીધી હોત,
તો સારા અને નરસા તણાં ચિત્ર જગત ન જોત.

* આપણે 'સીધા' થવાની જરૂર છે, 'સાધુ' થવાની નહિ !

* હસતાની સાથે હસતી અને રડતાને એકલી મૂકનારી આ દુનિયા છે.

* મહાનતા કોઈને પછાડવામાં નથી, પરંતુ પડી ગયેલાને ઊભો કરવામાં છે.

* સુખ અને સંતોષ અનુભવવા માટે મનને કહેતા રહો કે :
'જે થઈ ગયું તે સારૂં થયું, જે થઈ રહ્યું છે તે સારૂં જ છે
અને જે થશે તે પણ સારૂં જ થશે'. - ગીતા ઉપદેશ

* જંગલમાં બધા પ્રાણીઓ એક સાથે રહી શકે તો, કુટુંબમાં બધા સભ્યો એક સાથે કેમ ન રહી શકે ?

* મોતને સૂતી વખતે ઓશિકે રાખજો, ઊઠો ત્યારે આંખની સામે.

* જૂઠું બોલનારાઓ એ યાદદાસ્ત તો સારી રાખવી જ જોઈએ.

* સુખના સગા સૌ અને દુઃખમાં ફક્ત એક,
અને તે પણ આપણે પોતે !

* કોણ ખરૂં છે એ મહત્વનું નથી, પરંતુ શું ખરૂં છે એ મહત્વનું છે.

# લલિતચિંતન

* શ્રીમંતો સાધનોથી માન મેળવે છે, જ્યારે સંતો સાધનાથી પૂજાય છે.

* ક્રોધ એ ટૂંકા ગાળાનું ગાંડપણ છે.

* સંસારમાં આપણી સ્થિતિ એવી છે કે... આંગળી પાણીમાંથી નીકળી ગઈ તે જગ્યા પૂરાય ગઈ.

* આરામ કરવો એટલે કટાઈ જવું.

* વિચાર્યા વિના વાંચવું તે પચાવ્યા વિના ખાવા જેવું છે.

* મને એ જોય હસવું હજારવાર આવે છે કે...
  પ્રભુ ! તારા બનાવેલા આજે તને બનાવે છે.

* કન્યાની વિદાયના આંસુ હર્ષના કે શોકના ? તે કોઈ નક્કી કરી શક્યું નથી !

* સંબંધો અને સંજોગો ઋતુ જેવા હોય છે... તે બદલાતા જ રહે છે.

* પર્વતોના શિખરેથી તળેટી પરનાં કાંકરા દેખાતા નથી, તેમ પ્રેમની ટોચે પહોંચ્યા પછી વ્યક્તિમાં દોષો દેખાવા ન જોઈએ.

* નવા વરસના નવા નિશ્ચયો, નવા નિર્ણયો લેવાશે,
  નવું ધ્યેય લઈ આગળ વધશો તો નવું વર્ષ કહેવાશે.

* મોટા ભાગની મુશ્કેલીઓ આપણા મનના નકારાત્મક વલણને લીધે હોય છે.

* ખોટું કામ કરવા માટે કોઈ સાચો રસ્તો નથી.

* આજનું છાપું તે આવતી કાલની પસ્તી છે, એમ આજનો દિવસ કાલે નકામો છે.

* ગરજવાન ને અક્કલ હોતી નથી અને અક્કલ વગરનાને કોઈની ગરજ હોતી નથી.

# લલિતચિંતન

* જીવનની મુસાફરી લોકલ ગાડી જેવી છે, ધક્કામુક્કી કરી અંદર ઘૂસ્યા, ઊભા રહ્યા, માંડ બેસવાની જગ્યા મળી, ત્યાં સ્ટેશન આવી ગયું !

* સારી સ્મરણશક્તિ એ છે જે નકામી વાતોને ભૂલી શકે છે.

* વાળું ખૂલ્યા પછી માણસે દરવાજો ઉઘાડવાની તસ્દી પણ લેવાની હોય છે.

* બીજાઓની ખામીમાં રસ લેવો એ જ આપણી ખામી છે.

* સુખ પતંગિયા જેવું છે, એનો પીછો કરવાથી એ વધારે દૂર ભાગે છે.

* ચિંતા સે ચતુરાઈ ઘટે, ઘટે રૂપ-ગુણ-જ્ઞાન,
ચિંતા બડી અભાગિની, ચિંતા ચિતા સમાન.

* માણસ દૂરધ્વનિ સાંભળી શકે છે, પરંતુ અંતર્ધ્વનિ સાંભળી શકતો નથી.

* સારા વિચારો રાખવા તે આંતરિક સૌંદર્યની નિશાની છે.

* એક નાનું કાણું આખા વહાણને ડૂબાડી દે છે, તેમ નાનો દુર્ગુણ જીવન બરબાદ કરી દે છે.

* તમે જે નથી જાણતા, 'તે તમે નથી જાણતાં', એટલું કબૂલ કરો - એ જ્ઞાન કહેવાય.

* 'ભગવાન છાપરું ફાડીને તમને આપશે' તેવા આશીર્વાદ દેતાં છાપરાના રિપેરીંગનાં ખર્ચની ચિંતા ન કરાય !

* અમને ફુરસદ નથી મળતી, પ્રેમથી વાતો કરવા માટે,
લોકો ક્યાંથી કાઢે છે સમય, બીજા સાથે ઝઘડવા માટે !

* કોઈએ સંભળાવેલા ખરાબ શબ્દો ગળી જવાથી, કોઈને પેટનો દુઃખાવો થતો નથી.

# લલિતચિંતન

* જે ગાંઠ છૂટી શકે તેમ હોય તેને કાપી શા માટે નાખવી ?

* આ સંસારમાં 'માલિક' બનીને નહિ, પરંતુ 'મહેમાન' બનીને રહો.

* વિકાસ અને વિનાશ બન્ને વચ્ચે ફક્ત એકજ અક્ષરનો ફેર છે.

* સુખ સમયમાં છકી નવ જવું, દુઃખમાં ન હિંમત હારવી,
  સુખ દુઃખ સદા ટકતા નથી, એ હકીકત ઉરે ધારવી.

* જીવન અનંત છે ફક્ત જીવવું મર્યાદિત છે.

* છૂટાછેડાનું મુખ્ય કારણ છે..... 'લગ્ન'.

* જેના ગજવામાં નાણાં ન હોય, તેના મોઢામાં મીઠીવાણી હોવી જરૂરી છે.

* આજે બેડરૂમમાં આરામ માટેની તમામ સગવડો છે પણ....
  માત્ર એક જ વાતની કમી છે અને તે છે..... 'ઊંઘ'.

* સંસ્કાર વિનાનું અક્ષરજ્ઞાન તે સુવાસ વિનાના ફૂલ જેવું છે.

* માણસોની કિંમત ન હોય, એમનું મૂલ્ય હોય છે.

* મનુષ્યોની કરુણાઈ એ છે કે તેને મળ્યુ નથી તેને જ તેઓ વિશેષ મહત્વ આપે છે.

* પ્રભાવશાળી ભાષણ આપવું એ એક કળા છે, પણ.....
  ક્યાં અટકવું એ એના કરતાં પણ મોટી કળા છે.

* ઉકળતા પાણીમાં પ્રતિબિંબ દેખાતું નથી તેમ ક્રોધી માણસને સ્પષ્ટ દર્શન થતું નથી.

* 'અમીર' હોવા છતાં જેને વધુ ધનની લાલસા છે તે જ સૌથી વધુ 'ગરીબ' છે.

# લલિતચિંતન

* બીજા માણસોના દોષ જોવા એ શું મોટામાં મોટો દોષ નથી ?

* સ્વરાજ્ય પહેલા : 'નથી જાણતું અમારે પંથ શી આફત પડી છે, ખબર છે એટલી કે, માતની હાકલ પડી છે'.

  સ્વરાજ્ય પછી : ખબર છે એટલી કે ભ્રષ્ટાચારીઓને હાથ પ્રજા પડી છે !

* જે માણસને કશું ગુમાવવાનું નથી તેનો મુકાબલો કદી ન કરશો.

* પાંદડા વગરની ડાળીઓને પાનખર ઋતુની બીક હોતી નથી.

* થતે કેવું સારું - અગર જો મનને હોત પગ તો !
  કદીક તો થાકી ને અટકી જાત ભટકી ભટકી ને !

* રોટલો કેમ રળવો તે નહિ - પણ કોળિયો કેમ મીઠો બનાવવો તેનું નામ 'કેળવણી'.

* તમારું કામ દિલ દઈને કરશો તો જરૂર સફળ થશો - એમાં હરિફાઈ ઓછી છે !

* કાયદાના હાથ એટલા લાંબા અને પહોળા છે કે બધા તેમાંથી સરકી જાય છે.

* ધર્મ વગરનું જ્ઞાન લંગડું છે અને વિજ્ઞાન વગરનો ધર્મ આંધળો છે.

* ડહાપણ વારસામાં મળતું નથી... તેને સમજીને મેળવવું પડે છે.

* દરેક દેશનું ચલણ જુદું જુદું હોય છે, પરંતુ સદ્ગુણનો સિક્કો જગતભરમાં ચાલે છે.

* થઈ નથી કદાપિ પ્રતિષ્ઠા માનવીની જીવતા,
  મરીએ તો જ અહિંયા, મંદિરમાં પૂજાય છે !

# લલિતચિંતન

* એક વ્યક્તિની મૂર્ખાઈ બીજાનું નસીબ બને છે.

* સત્કાર્યને કાલ પર ન જવા દો અને દુષ્કાર્યને આજ ન બતાવો.

* ભૂતકાળની સ્મૃતિઓમાં કે ભવિષ્યની કલ્પનાઓમાં રાચવાં કરતાં વર્તમાનમાં મન પરોવવું જરૂરી છે.

* મોટા ભાગના માનવીઓ બુદ્ધિ ધરાવે છે, પણ શાણપણ નહિ.

* માણસોએ પ્રાણીઓ માટે કતલખાના અને પોતાના માટે હોસ્પિટલો બાંધી છે !

* જિન્દગીનો અડધો ભાગ જૂની પેઢીને સમજવામાં અને બીજો અડધો ભાગ નવી પેઢીને સમજાવવાની મથામણમાં જાય છે.

* 'પેટ' અને 'પેટી' જ દુશ્મનો ઊભા કરે છે.

* આખા દિવસને શાંતિમય બનાવવા પ્રભાતને પ્રભુમય બનાવવી પડશે.

* ટૂંકામાં ટૂંકા શબ્દ 'હા'... કે 'ના'... કહેવા માટે વધારેમાં વધારે વિચાર કરવો પડે છે.

* સગા ઈશ્વર સર્જે છે ને વ્હાલાં માણસો બનાવે છે.

* પત્નીએ પતિને ચાહવો ઓછો પણ સમજવો વધુ અને પતિએ પત્નીને ચાહવી વધારે પણ સમજવાનો પ્રયત્ન ન કરવો.

* થાક ને એક વખત થકવી નાખો, પછી તે કદી તમોને થકવશે નહિ.

* હું હરિનો, હરિ છે મમ રક્ષક, એહ ભરોસો જાય નહિ.
જે હરિ કરશે, તે મમ હિતનું, એહ નિશ્ચય બદલાય નહિ.

* હૃદયને લાગણીનો પરસેવો વળે છે ત્યારે આંસુ રૂપે બહાર આવે છે.

# લલિતચિંતન

* આળસુ લોકો માટે જ ભગવાને આવતીકાલ સર્જી છે.

* સુખની કોઈ ક્ષણ દુ:ખોથી ઘેરાયેલ ન હોય તે સંભવ નથી.

* પ્રકાશ હોય ત્યાં અંધકાર ન હોય તેમ જ્યાં પ્રેમ હોય ત્યાં અહંકાર ન હોય.

* ભણેલા અન્યના દોષો જુએ છે, જ્યારે જ્ઞાનીઓ પોતાના દોષો જુએ છે.

* કંજુસે ભેગો કરી જમીનમાં દાટેલો પૈસો જ્યારે પોતે જમીનમાં દટાય પછી જ બહાર નીકળે છે.

* પૂર્વગ્રહો, સમજણના દરવાજા પર તાળાં લગાવી દે છે.

* ફૂલની સાથે રહેલા કાંટાઓથી ફૂલની સુવાસ ઓછી થતી નથી.

* જેનામાં રમૂજવૃત્તિ નથી તેણે હંમેશા બીજાની દયા પર જીવવું પડે છે.

* એકનું સુખ બીજાને સુખ ન લાગે તો તે શાશ્વત સુખ ન કહેવાય.

* ડાહ્યા માણસો આપણી પ્રશંસા કરે એ સદ્‌ગુણી થવા માટેની પ્રેરણા છે.

* માણસ સફળતાને પોતાની હોશિયારી ગણે છે, જ્યારે નિષ્ફળતાને નસીબ કહે છે.

* મદદ કર્યા પછી મદ કરે એની મદદ રદ થઈ જાય છે.

* હે ભગવાન ! મને ધીરજવાન બનાવ, પણ તે માટે તું ઉતાવળ કરજે !

* રાતની ઊંઘ માણવી હોય તો સૂતા પહેલાં જાત સાથે પ્રમાણિક બનો.

# લલિતચિંતન

* પગથીયા વિના શિખર શક્ય નથી, તેમ પડતી વિના પ્રગતિ સંભવ નથી.

* પ્રેમમાં કોઈ પડવાનું હોય ? પ્રેમમાં તો પ્રગતિ કરવાની હોય !

* પૈસો કમાલની ચીજ છે - ન હોય ત્યારે તેને મેળવવાનો વિચાર આવે છે અને હોય ત્યારે તેને ખરચવાનો !

* 'મા' બાળકને જન્મ આપે છે અને તે બાળક માતાપિતા ને જન્મ આપે છે.

* સ્વદોષદર્શન દિવ્યજીવનનો પંથ છે, જે વિરલાને જ પ્રાપ્ત થાય છે.

* આજના સૂર્યને આવતીકાલના વાદળ પાછળ સંતાડી દેવો તેનું નામ 'ચિંતા' છે.

* ઉકળતા પાણીમાં જે રીતે પ્રતિબિંબ ચોખ્ખું દેખાતું નથી તે રીતે ક્રોધમાં માણસ સ્પષ્ટ જોઈ શકતો નથી.

* વિતાવો એ રીતે જીવન, તમે ના હોય ત્યારે પણ, તમારી યાદ પણ લોકોને મીઠી મીઠી લાગે.

* ખુલાસા ક્યારેય કરશો નહિ : મિત્રોને એની જરૂર નથી અને શત્રુઓને એમાં વિશ્વાસ પડવાનો નથી.

* દાનથી ધન, સ્નાનથી તન અને ધ્યાનથી મન શુદ્ધ થાય છે.

* માનવજીવનની કરૂણતા એ છે કે : તેને પોતાનું દુઃખજ દેખાય છે અને બીજાના સુખજ નજરે પડે છે.

* પરમાત્માને પામવા પૂર્વગ્રહનું પોટલું પાણીમાં પધરાવવું પડશે.

* વાણી જ્યાં ૧૦૦ ટકા નિષ્ફળ નીવડવાની હોય ત્યાં મૌન કામ લાગે છે.

# લલિતચિંતન

* જરૂરિયાતો જેટલી ઓછી તેટલી ઉપાધિ પણ ઓછી.

* ધરતી ઉપર જો આપણને પ્લેઈન નડે નહિ તો લાખો માઈલ દૂરના ગ્રહો શી રીતે નડે ?

* બુદ્ધિ તકનો ઉપયોગ કરે છે જ્યારે પ્રતિભા તકો ઊભી કરે છે.

* 'ચિંતન' દ્વારા સમજણનો સૂર્ય ઊગે છે, જે અજ્ઞાનનું અંધારું દૂર કરે છે.

* આજ મુબારક - કાલ મુબારક, તમને બધું ખુશ-હાલ મુબારક, 'ચિંતન' ના પરિવારજનોને, હૃદયપૂર્વકના સાલ મુબારક.

* સામગ્રીઓમાં સુખ સમાયું નથી, સુખ તો સંતોષમાં સમાયું છે.

* અંધકાર પ્રકાશનો પયગામ આપે છે તેમ આફત નવસર્જનનું એંધાણ આપે છે.

* શાંત-મન, સત્ય અને અસત્ય વચ્ચેનો ફરક જાણી શકે છે.

* અજ્ઞાતણાં ભંડાર ભર્યાં પણ દીધું નહિ તો ભર્યું ના ભર્યું, કોઈના કામમાં આવ્યા નહિ તો માનવ તન મળ્યું ના મળ્યું.

* પ્રગતિનો આધાર જે થઈ ગયું છે તેના કરતાં જે બાકી છે તેના ઉપર છે.

* નાના કામમાં ચોક્કસ બનશો તો જ મોટા કામમાં સફળ થશો.

* જે બદલો લેવાની ભાવના રાખે છે તે પોતાના ઘા ને રૂઝાવા દેતા નથી.

* સમય ક્યાંય અને ક્યારેય જતો નથી, માત્ર આપણે એની પાસેથી સરકી જઈએ છીએ.

# લલિતચિંતન

* જીવનમાં જે માણસ હસતો રહે છે તે કદી નિષ્ફળ જતો નથી.

* જે થવાનું છે તે થવાનું છે, આપણી કલ્પના તેમાં કામ આવતી નથી.

* જ્યારે મતિ સુધરશે ત્યારે જ ગતિ સુધરશે.

* પાપ છુપાવ્યું ના છૂપે, છાનું કરો કે ચોકમાં,
  એક દિન પોકારી ઉઠશે, આ લોક કે પરલોકમાં.

* પ્રશંસા એક કાને સાંભળી બીજા કાને કાઢી નાખજો, જ્યારે ટીકા બન્ને કાને સાંભળજો.

* 'ચિંતન' દ્વારા શુભ વિચારોનું પરિબળ વધે છે.

* મૌન રાખનારને કદાપિ કજિયો થતો નથી.

* ક્રોધ પ્રેમનો નાશ કરે છે, અહંકાર મૈત્રીનો, પણ લોભ તો સર્વનો નાશ કરે છે.

* તે જ સાચી લક્ષ્મી છે કે જે અભિમાન ઉત્પન્ન ન કરે.

* કમળની પાંખડી પર પડેલું જલબિંદુ જેવું ચંચળ, યૌવન, મન અને આયુષ્ય છે.

* બીજાઓને ધર્મનો ઉપદેશ આપવામાં કુશળ માણસો તો ઘણા જોવામાં આવે છે, પરંતુ ધર્મ પ્રમાણે પોતાનું આચરણ તો કોઈ મહાત્માનું જ હોય છે.

* પાંદડા વિનાના ઝાડને પાનખરની બીક હોતી નથી.

* જીવનમાં સાદાઈ, સંતોષ અને સંયમ હશે તો અવશ્ય શાંતિનો અનુભવ થશે.

* જેવું હશે તેવું, ચાલશે, ભાવશે, ફાવશે અને ગમશે તેવા માણસો દુઃખી થાય નહિ.

# લલિતચિંતન

* મકાન હાથ વડે બંધાય છે પરંતુ ઘર હૃદય વડે બંધાય છે.
* નમ્રતા વિનાનો માણસ પાણી વગરની નદી જેવો છે.
* કર્મ કરો અને છતાં જેના બંધન ન લાગે એનું નામ 'યોગ'.
* ભૂલો કરો, ખૂબ ખૂબ કરો પરંતુ વારે વારે ન કરો.
* માનવીઓને મળવામાં અતિ વ્યસ્ત માણસ પોતાની જાતને જ મળવાનું ભૂલી જાય છે.
* મૌલિકતા એ પ્રકાશ છે જ્યારે અનુકરણ એ અંધકાર છે.
* વિપત્તિમાં મારી રક્ષા કરો એ મારી પ્રાર્થના નથી, પણ વિપત્તિમાં હું ભય ન પામું એ મારી પ્રાર્થના છે.
* મન નિશ્ચલ તો એ હિમાલય છે અને મન ચંચલ તો એ રજકણ છે.
* બાહ્ય સાધનોથી સુખ પ્રાપ્તિની ઝંખના એ ભ્રામક ખ્યાલ છે.
* લક્ષ્મીને તિજોરીમાં રૂંધી રાખવી એ ધનપૂજન છે પરંતુ, પરોપકારની પ્રવૃત્તિમાં વહેતી રાખવી એ જ સાચું લક્ષ્મીપૂજન છે.
* સુવિચારોનું નિરંતર ચિંતન ચારિત્ર્યનું ઘડતર કરે છે.
* કોઈના ઉપર તપવું નહિ એ જ મોટામાં મોટું તપ છે.
* નસીબથી ધનવાન બની શકાય પરંતુ બુદ્ધિવાન ન બની શકાય.
* તમારી સંમતિ વિના તમારો પરાજય ન જ થઈ શકે.
* દોષને ક્યારેય કણ જેવડો માનવો નહિ, તેને મણ જેવડો થતાં વાર લાગતી નથી.

# લલિતચિંતન

* કાયદો ફક્ત બીકણ માણસોને ગભરાવવાનું સાધન બની ગયો છે.

* નદી આપણને ગતિશીલ અને પરોપકારી બનવાનું શીખવે છે.

* એક નોકર રાખો, તમારૂં બધું જ કામ થઈ જશે, બે નોકર રાખો, તમારૂં અડધુ જ કામ થશે, ત્રણ નોકર રાખો, તમારે જાતે જ કામ કરવું પડશે.

* અહંકારી માણસો નમતા નથી, એટલે પોતાના ભારથી તે તૂટી પડે છે.

* પોતાનું સ્વમાન અને બીજાનું માન રાખનાર કદી દુઃખી થતો નથી.

* સંકલ્પ જ્યારે સક્રિય બને ત્યારે જ સિદ્ધિ સાંપડે છે.

* માનવીની બધી આપત્તિઓનું મૂળ તેનો અહમ્ છે.

* આજના યુગમાં દુર્જનોની સક્રિયતા, સજ્જનોની નિષ્ક્રિયતાને આભારી છે.

* પુષ્પોને ખબર છે કે કાલે કરમાઈ જવાનું છે તેથી તો તે સુગંધની લ્હાણી પ્રસરાવે છે. ખબર નથી માનવી તેમાથી કેમ બોધ-પાઠ લેતો નથી ?

* મરણ દરરોજ અનેકના થાય છે પણ સ્મરણ અમુકના જ રહે છે.

* સુખ ભાગ્યેજ ગેરહાજર હોય છે, આપણને તેની નોંધ લેતા આવડતુ નથી.

* કાંટાની ઘુસપુર છોડો, ફૂલોથી ગુફતેગુ કરો. નાનકડી જિન્દગી છે ભલે ખુદીથી ખુશ્બો ભરો.

* પ્રભુને માનવા સહેલા છે, પરંતુ પ્રભુનું માનવું બહું કઠિન લાગે છે.

# લલિતચિંતન

* વિચારોના બહુમૂલ્ય સંપત્તિ માટે સ્વસ્થ ચિત્તે ચિંતન આવશ્યક છે.

* માણસને પોતાના ઘરમાં જ્યારે પારકાપણું લાગે તે વૃદ્ધાવસ્થા.

* કોઈને કડવા શબ્દોથી કાપો નહિ, પરંતુ તેના દિલમાં મીઠા શબ્દો રોપો.

* સંત સંગે બહુ આથડે, કિન્તુ રહે જડ જેમ,
  કડછી ફરતી દાળમાં, સ્વાદ ગ્રહેના એમ.

* આજે લોકોમાં દુઃખો વધ્યા નથી પરંતુ સહનશક્તિ ઘટી છે.

* મોતને કદી અટકાવી શકાતું નથી, સુધારી જરૂર શકાય છે.

* જે માણસો આપણને ગમતા નથી, તેમને આપણે પણ ગમતા નથી.

* સારી શરૂઆત એ કાર્ય અડધું પૂરું થયાની નિશાની છે.

* મોટા ભાગના માણસો બુદ્ધિ ધરાવે છે, શાણપણ બહુ ઓછા પાસે છે.

* જાત સાથે વાતો કરવા હકારાત્મક વલણ અપનાવો તો જ પરિણામ આવશે.

* ભગવાનને ભજવાથી મા નથી મળતી, પરંતુ માની સેવાથી ભગવાન અવશ્ય મળે છે.

* આપત્તિની ફૂટપટ્ટી વડે મિત્રોની વફાદારી અને સંબંધીઓનો પ્રેમ મપાય છે.

* આ સંસારી ખેલના, સર્વ ઉંધાના મેલ, રેતી પીલે ના કદી, ટીપું ટપકે તેલ

* આઈ (I) હંમેશા કેપિટલ હોય છે પરંતુ બીજા abcd માં આઈ ઉપર મીંડું મુકાય છે. આ છે અભિમાનની દશા.

# લલિતચિંતન

* 'ચિંતન' વિચારોનો વિકાસ કરી તેને આચારમાં મૂકવાની પ્રેરણા આપે છે.

* હસતો ચહેરો જિંદગીથી લડવાનું મહાન હથિયાર છે.

* નમ્રતા એવી મૂડી છે કે જેમ જેમ વપરાતી જાય તેમ તેમ વધતી જાય છે.

* તમારી ભૂલ બીજાની આંખે જુઓ તો જ ધ્યાનમાં આવશે.

* હું અહીં દટાઈ ગયો એમ કદી ન સમજો આ ઈમારતનો તો હું પાયો છું એમ માનજો.

* અહીં માનવીની જ ચોમેર વસ્તી ને 'માનવી' ક્યાંય નજરે ચડે ના !

* પ્રેમ એવું સુખ આપે છે કે લેનાર જેટલું જ સુખ દેનારને મળે છે.

* સરળ વાતો જ્યારે દલીલો કર્યા વગર સ્વીકારતા થઈ જશો ત્યારે જગતના તત્વજ્ઞાનીઓમાં તમારું નામ બોલાશે.

* સ્વાર્થ અને અપેક્ષા સ્નેહના સંબંધો સૂકવી નાખે છે.

* વિચારશક્તિ કોઈની જાગીર નથી, એનો સદ્ઉપયોગ બધા કરી શકે છે.

* આજના યુગની અજાયબી : સૌને પૈસો પેદા કરવો છે પરંતુ બીજાની મહેનતથી !

* લગ્ન કરવા સરળ છે, સંસાર નિભાવવો અઘરો છે અને સંસાર આનંદથી પસાર કરવો એ શ્રેષ્ઠ કલા છે.

* સાધના વગર સિદ્ધિ નકામી અને સિદ્ધિ વગર પ્રસિદ્ધિ નકામી.

* દુઃખનો આધાર પરિસ્થિતિ કરતાં મનસ્થિતિ પર વધુ છે.

# લલિતચિંતન

* જો રડવાથી કાર્ય થતું હોત તો દુનિયામાં બધા લોકો કાયમ રડતા જ હોત !

* આપણો આગ્રહ અને બીજાનો અભિપ્રાય અથડામણ અને અશાંતિ પેદા કરે છે.

* જીભ જેટલી મીઠાઈ ખાવામાં અગ્રેસર છે તેટલી મીઠું બોલવામાં નથી.

* સમય ક્યારેક હરણ પગો, તો ક્યારેક હાથી પગો
  સમય ક્યારેક ગોઠ આપે ને ક્યારેક આપે ઠગો.

* ચિંતા એક એવી માખી છે કે એને જેમ ઉડાડો તેમ વધુ ચિપકતી જાય છે.

* સ્નેહ સેતુ સર્જે છે..... જ્યારે અહંકાર દિવાલ ઊભી કરે છે.

* ચૂપ રહેનારને ક્યારેય પસ્તાવો કરવો પડતો નથી.

* આપણામાં દોષ હોવાને કારણેજ બીજાના દોષો જોવામાં મજા પડે છે.

* જેને ખુદમાં ભરોસો નથી તેને ખુદાનો ભરોસો કામ આવતો નથી.

* સાધના કરવી હોય તો આવશ્યક બોલવાની ટેવ પાડવી પડશે.

* 'ચિંતન' માનવ જીવનમાં વિચાર શુદ્ધિકરણનું કાર્ય કરે છે.

* ક્યાંથી આવ્યો ? ક્યાં જવાનો ? તેને તું વિચારજે,
  જિંદગીના ચોપડાનો સરવાળો તું માંડજે.
  ખાલી હાથે આવ્યો છે, તુ ખાલી હાથે જવાનો છે.
  જિંદગી એક ફૂલ છે, સુવાસ તું ફેલાવજે.

* પોતાનું અપમાન થાય તે સહન કરવું એ કાંઈ નાની સૂની શક્તિ નથી.

* સ્વભાવ સુધરશે તો જ પ્રભાવ વધશે.

# લલિતચિંતન

* સુગંધ વિનાના પુષ્પો નકામા તેમ દાન વિનાની દોલત નકામી છે.

* નિદ્રામાં જેમ જગત ભૂલાય તેમ જાગૃતાવસ્થામાં જગત ભૂલાય તો જ શાંતિ મળે.

* આજીવિકા જીવન અર્થે છે, જીવન આજીવિકા અર્થે નથી.

* આળસથી કશાંય જવા કરતાં પુરૂષાર્થથી ઘસાઈ જવું વધુ સારૂં છે.

* ધર્મના નામે આપણે મંદિરો બાંધ્યા અને આપણી પાસેથી આપણો ઈશ્વર છીનવાય ગયો.

* સહનશક્તિ ઘટવાથી જ દુઃખો વધતા હોય તેવું લાગે છે.

* મોટા માણસો ઘણાં જોવા મળશે પરંતુ મહાન માણસો ઓછા દેખાશે.

* ભયને કારણે મંત્રણા ન કરો, અને મંત્રણા કરતાં ભય ન અનુભવો.

* ભૂખ અને તરસ શ્રીમંત અને કંગાળ વચ્ચેની ભેદરેખા ભૂંસી નાખે છે.

* બે જણા દિલથી મળે તો, એક મિજલસ છે 'મરિઝ'
દિલ વિના લાખો મળે, એને સભા કહેતા નથી.

* ૧ મિનિટ માટે ગરમ થનાર વ્યક્તિને ઠંડા થતા ૧ કલાક લાગે છે પણ તે તેનું વર્ષ બગાડી નાખે છે.

* 'ચિંતન' દ્વારા અહમ્, અપેક્ષા અને આસક્તિ નિયંત્રણમાં આવી શકે છે.

* તમારો સ્વભાવ સુધરી જશે તો આખો સંસાર સ્વર્ગ બની જશે.

* નાની અમથી વાતમાં સંબંધો તૂટી ગયા.....
સારૂં થયું... તકલાદી હતા માટે જ એ તૂટી ગયા.

# લલિતચિંતન

* વિકલ્પોના વાવાઝોડા વચ્ચે સંકલ્પનો દીવો જલતો રાખવો એ જ તપશ્ચર્યા છે.

* શ્વાસ વિના જેમ જીવન નથી તેમ ક્ષમા વિના જીવનમાં પ્રસન્નતા નથી.

* માનવી શિખામણ સહેલાઈથી આપે છે પણ ક્ષમા આપતા મુશ્કેલી અનુભવે છે.

* તનથી થાય તે પ્રવાસ અને મનથી થાય તે યાત્રા.

* હૃદયનો સ્વચ્છ વ્યવહાર ક્ષમાના માર્ગે જવાથી જ પવિત્ર બની શકે છે.

* ધરતીકંપ કરતાં માનવ માનવ વચ્ચેનો તિરસ્કારકંપ વધુ ભયાનક છે.

* સાચુ કહેવામાં જેટલી હિંમત જોઈએ તેના કરતાં સાચું સ્વીકારવામાં વધુ હિંમત જોઈએ.

* બત્રીશ દાંતમાંથી તુટેલા દાંત પર જીભ જાય છે તેમ મન પણ... જીવનમાં જે ખુટે છે ત્યાં જ જાય છે.

* ચાલો આપણે ઈશ્વર બનતા પહેલા માણસ બની જઈએ.

* કંટકના પગલાં આવે તો પુષ્પ બની પથરાઈ જજે,
  દુર્ગંધ ભરેલી આ દુનિયામાં, પરિમલ થઈ ફેલાઈ જજે.

* વિચારશક્તિને કલુષિત કરનાર ક્રોધને ક્ષમાનું ઉદાર કવચ ઓઢાડી દેજો.

* સ્નેહમાં જો સ્વાર્થનો કચરો આવી ગયો તો સંબંધોમાં હળવાશ આવી જશે.

# લલિતચિંતન

* સફળતા નસીબથી મળી શકે પણ તે પુરૂષાર્થથી જ ટકાવી શકાય.

* 'પદ' મળતાંની સાથે 'મદ' ની 'હદ' શરૂ થઈ જાય છે.

* 'ચિંતન' એટલે મહાપુરૂષોના સુવિચારોની ગહનતા માપવાનો પ્રયાસ.

* સમયનો સદ્‌ઉપયોગ કરતાં આવડી જશે તો ક્યારેય તે ઓછો નહિ લાગે.

* જીવનમાં વર્ષો નહિ પરંતુ વર્ષોમાં જીવન ઉમેરવાની જરૂર છે.

* ના કાયમનો દિન અહીં ના કાયમની રાત,
  આજ ડૂબ્યો કાલે ઉગશે, લઈને નવલપ્રભાત.

* ન બોલવાથી જેટલા કામ સરળ થઈ જાય છે તેટલાજ બોલવાથી બગડે છે.

* પરમાત્માની નજીક જવું હોય તો માનવીની નજીક આવવું પડશે.

* યોગી ન બનો તો કાંઈ નહિ, ઉપયોગી જરૂર બનશો.

* ભૌતિક પ્રગતિ માટે ભટકવું પડે છે જ્યારે આધ્યાત્મિક ઉન્નતિ માટે અટકવું પડે છે.

* સમતાની સાધના એ જીવનની સૌથી મોટી ઉપલબ્ધી છે.

* ધનીકને પૈસો વાપરવાથી મૂડી ઓછી થઈ જશે તેવી બીક હોય છે.... જે નિર્ધનને હોતી નથી.

* વસ્ત્રો બદલવાથી નહિ પરંતુ વૃત્તિ બદલવાથી મન કાબૂમાં આવે છે.

# લલિતચિંતન

* શબ્દો વધુ ને ભાવ ઓછાં એનું નામ 'યાચના'
  ભાવ વધુ ને શબ્દો ઓછા એનું નામ 'પ્રાર્થના'

* સુખની ઈચ્છા કરશો નહિ, તે નહિ મળવાથી દુઃખની શરૂઆત થઈ જશે.

* 'સમજણ' અને 'સ્વાનુભવ' જીવનમાં ઉજાસ ફેલાવી શકે છે.

* રસોડામાં જો પ્રેમ હશે તો જ રસોઈમાં મીઠો સ્વાદ આવશે.

* પ્રેમના શુદ્ધ દૂધને વહેમનું એક ટીપું ફાડી નાખે છે.

* ઓચિંતુ કોઈ મને રસ્તે મળીને કદી ધીરેથી પૂછે કે કેમ છે ? આપણે તો કહીએ કે દરિયા શી મોજમાં ને ઉપરથી કુદરતની મહેર છે.

* જે છે - તે છે, એટલું જાણવું તે જ્ઞાનનું પ્રથમ પગથિયું છે.

* બીજાના ગુણ પર મુગ્ધ થઈ જવું અને દોષ પર હસી કાઢવું.

* સાચે જ મીણ જેવી છે આપણી જિંદગી જરાક દુઃખનો તાપ પડ્યો ને ઓગળવા લાગે.

* હોય ફક્ત 'બુદ્ધિ' તો દુનિયા ક્રૂર અને નિષ્ઠુર છે.
  લાગણી હોય દિલમાં તો બધુંય પ્રેમથી ભરપૂર છે.

* નકારાત્મક વિચારધારા મનુષ્યને જીવનથી વિમુખ બનાવે છે.

* સાજા થયાં તે દવા લાગુ પડ્યાની નિશાની અને સારા થયાં તે 'ચિંતન' ની અસર

# લલિતચિંતન

* જ્યાં 'હું' છું ત્યાં વિવાદ અને જ્યાં 'અમે' છીએ ત્યાં સંવાદ છે.

* પાણી મર્યાદા તોડે એટલે વિનાશ અને વાણી મર્યાદા તોડે ત્યારે સર્વનાશ.

* વીતી ગયેલી વાતની ચિંતા કરવાથી એમાં કોઈ સુધારો થવાનો નથી.

* એક સારા કાર્ય માટે તમામ સ્વજનો એકમત થતા નથી જ્યારે... હલકા કાર્ય માટે તમામ દુર્જનોમાં કોઈ મતભેદ પડતા નથી.

* માણસ પર્વતને કારણે નહિ, એક પથ્થરને કારણે ગોથું ખાઈ જતો હોય છે.

* ધન આપણે સાચવવું પડે છે, ધર્મ આપણને સાચવે છે.

* સામો થાય આગ તો તમે થજો પાણી, આ છે વીર પ્રભુની વાણી.

* દોસ્તો વધુ હોય તો તે ઓછા છે, જ્યારે દુશ્મન એક હોય તો તે પણ વધુ છે.

* તમારા સમયનો શ્રેષ્ઠ ઉપયોગ કેમ કરવો ? તે તમે પોતે જ નક્કી કરો.

* કેડી કંડારનારને કોઈ યાદ કરતું નથી પરંતુ વિશાળ માર્ગ ઉપર નામોના પાટિયાં માટે પડાપડી થતી હોય છે.

* ક્રોધની સામે ક્રોધ કરવો એટલે ગાંડાની સામે ગાંડા થવા બરાબર છે.

* પોતાની વાંસો અને વાંક વ્યક્તિને દેખાતા હોતા નથી.

* મનના અહમ્‌ને ઓગાળીને સોહમ્‌ની શોધ એ જ આદર્શ જીવન છે.

Lalit®

# લલિતચિંતન

* બચત કરવા માટે આવક વધારવા કરતાં ખર્ચ ઘટાડવાની જરૂર છે.

* વાત સાંભળીને તરત જવાબ દેનારો કાંતો મહાવિદ્વાન અથવા મહામૂર્ખ !

* પગથિયાંની ખૂબી એ છે કે પોતે સ્થિર રહીને બીજાને ક્યાંક પહોંચાડે છે.

* મળ્યું જગત રે, જે જે બને તે જાણી લઈએ
  જે મળી જીવનની પળો, ચાલો મન, માણી લઈએ.

* ભાગ્યનું લોકર પુરૂષાર્થની ચાવીથી જ ખૂલી શકે છે.

* 'ચિંતન' નો એક વિચાર અનેક ખોટા વિચારોને દૂર કરે છે.

* 'સમૂહગાન' એટલે કોઈને આખું ગીત ન આવડતું હોય અને સાથે ગાવાનું હોય !

* બુદ્ધિ છૂપાવવી અને પોતાની ભૂલો કબૂલવી એ મહાપુરૂષોના લક્ષણો છે.

* સમય નથી સારો, સમય નથી ખરાબ, સમય તો સંગેમરમર છે,
  કંઈક શિલ્પ કંડારી લે, બધુંજ તારી અંદર છે.

* પગમાં જેમ કાંટો ખૂંચે છે તેમ દિલમાં દોષો ખૂંચવા માંડે છે.

* ટાંકણાંનાં ઘા સહીને પણ તૂટે નહિ એ જ આરસપહાણ શિલ્પને ધારી શકે.

* હોશિયારી અને બેવકૂફી વચ્ચે તફાવત એ છે કે.....
  હોશિયારીને મર્યાદા હોય છે !

# લલિતચિંતન

* બુદ્ધિને વિશ્વાસ સાથે સંબંધ છે, જ્યારે હૃદયને શ્રદ્ધા સાથે છે.

* કબરને જોઈને દુઃખ એ જ થાય છે 'બેફામ'
  કે તમારે મરવું પડ્યું બસ આટલી જ જગા માટે.

* પૈસા થકી જ સુખ મળતું હોત તો તે કેટલે રૂપિયે કિલો મળતું હોત ?

* સમય બધા પાસે સરખો છે પરંતુ એ સમય દરમ્યાન કયું કામ
  કેવી રીતે અને ક્યારે કરવું એની સમજ અગત્યની છે.

* 'વેર વાળવા' કરતાં વેરના 'વળામણાં' માં સજ્જનતાની નિશાની છે.

* પ્રલોભનોને જે ટાળે, પ્રતિકૂળતાને સ્વીકારે એ જ પ્રસન્નતાને ટકાવે.

* ભૌતિક સંતોષો પછી ઉત્પન્ન થતાં અસંતોષને પોષવા માણસ
  વધુ ને વધુ શોધ્યા કરે છે અને દુઃખી થાય છે.

* ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો.

* જીવનમાં શું ગુમાવ્યું, તે તણો પસ્તાવો ના કર મન,
  હવે જે મેળવ્યું છે તે બધું સાજે પચાવી કર આનંદ.

* બીજાને માફ કરવામાં જે સફળતા મેળવે છે, તે પોતાની જાતને
  સાફ કરે છે.

* વસ્તુના ત્યાગને ત્યાગ નથી કહેવાતો, પણ વસ્તુ પ્રત્યેના
  મૂર્છાભાવના ત્યાગને ત્યાગ કહેવાય.

* 'ચિંતન' એ હૃદયની ભીતરમાંથી પ્રગટ થતી ચિનગારી છે.

* 'આત્મવિશ્વાસ' એ સફળતાનું પહેલું રહસ્ય છે.

# લલિતચિંતન

* પોતાની નિંદા સહેવાની શક્તિ રાખવાવાળો વિશ્વ પર વિજય મેળવી લે છે.

* વિપત્તિથી વધુ અનુભવ શીખવવાવાળું વિદ્યાલય આજ સુધી નથી ખૂલ્યું.

* સજા કરવાની સત્તા હોવા છતાં સજા ન કરવી એ સાચી ક્ષમા.

* જ્યારે દુઃખ તેની ચરમસીમા પર પહોંચી જાય છે ત્યારે સુખની સરહદ શરૂ થશે તેમ માનવું.

* નાની નાની વાતોમાંજ આપણા સિદ્ધાંતોની પરિક્ષા થતી હોય છે.

* જીવનમાં જો કોઈ વસ્તુ ખોટા સમયે ખૂલતું હોય તો તે મોઢું છે.

* આંખ અશ્રુ સારે ત્યારે દુઃખ ધોવાય, જ્યારે હૃદય અશ્રુ સારે ત્યારે પાપ ધોવાય.

* જે થયું તે સારૂં થયું, જે થાય છે તે સારા માટે થાય છે, જે થશે તે પણ સારૂં થશે.

* બુદ્ધિ વગરની શ્રદ્ધા આંધળી છે અને શ્રદ્ધા વગરની બુદ્ધિ પાંગળી છે.

* અનુભવની મજા કોઈને કહેવામાં નથી હોતી.
અસલ વસ્તુની ખૂબી તેની છાયામાં નથી હોતી.

* ઈશ્વર દરેક પંખી માટે ચણ પેદા કરે છે પણ તે એના માળામાં નથી આપી આવતો.

* રૂપિયાદાર થવું સહેલું છે, જ્યારે આબરૂદાર થવું મુશ્કેલ છે.

# લલિતચિંતન

* કથા સુણે, ગુણના ગ્રહે અને ટીલે ટપકે ધ્યાન,
  બાહ્ય આડંબરમાં રહે, પછી ક્યાંથી પ્રગટે જ્ઞાન ?

* જીવવાની મજા આવે એટલે જ મજાનું જીવન.

* 'ચિંતન' સ્વાર્થને વ્યાપક બનાવી પરમાર્થ બનાવી દે છે.

* પરમાત્માને જે દિલ આપે છે એને પરમાત્મા દિલ ફર્દને આપે છે.

* મરેલા માણસને રોનાર મળે છે પરંતુ જીવતાને ઓળખનાર મળતા નથી.

* શંકા બ્લોટીંગ પેપર પર પડેલ શાહીના ટીપાની જેમ હ્રદયમાં પ્રસરી જાય છે.

* હું ફૂલો અને કંટકની સાથે એક સરખી મહોબ્બત રાખું છું,
  આ ચાર દિવસની જિંદગીમાં કંટકને દુશ્મન કોણ કરે ?

* વ્યક્તિનો પરિચય ચહેરાથી થાય છે પણ તેની ઓળખ તો વાણીથી થાય છે.

* જીવનની દશા સુધારવાનો ઉપાય છે, જીવનની 'દિશા' બદલી નાખવી.

* અનુભવ એક એવો કાંસકો છે કે જે કુદરત ત્યારે જ આપે છે,
  જ્યારે માથે ટાલ પડી ગઈ હોય છે !

* વાંકા શરીરવાળાને કબર સીધા કરી નાખે છે.

* આંગળી કંકુવાળી ન થાય ત્યાં સુધી આપણે બીજાને ચાંદલો ન કરી શકીયે.

# લલિતચિંતન

* ઈંટ અને ચૂનાથી તો માત્ર મકાન જ ઊભું થાય છે, ઘર તો બને છે સ્નેહના સંબંધોથી.

* સંસ્કારીઓ ભેગા થાય તો સંવાદ કરે, સંસારીઓ ભેગા થાય તો વિવાદ કરે.

* નાનું બાળક તો વસ્તુ મેળવવા માત્ર હઠ કરે છે, પરંતુ... મોટા માણસ તો વસ્તુ મેળવવા કાવાદાવા કરે છે.

* દુષ્કૃત્યોને ઢાંકી રાખે એવો પડદો બનાવનાર કોઈ વણકર પાક્યો નથી.

* અમીર હોવા છતાં જેની ધનલાલસા ઓછી નથી થઈ એ સૌથી વધુ ગરીબ છે.

* દુઃખનો સ્વીકાર કરતાં દુઃખની તાકાત તૂટી જાય છે.

* ભગવાનને હવે વધારસ્તુ કહેતાં ડર લાગે છે કેમકે માણસો બે ફૂલ ચઢાવી આખો બગીચો માંગી લે છે !

* સહેવાનું 'એરણ' બની જ્યારે ઝઝૂમવાનું 'ઘણ' બનીને.

* આપણે ભૂલથી પણ ન વિચારવું કે આપણે ક્યારેય ભૂલ કરતા નથી.

* ફરિયાદો અને ખુલાસાઓમાં માણસ તેની જિંદગી પૂરી કરી નાખે છે.

* દસ સારા સજ્જન એક બગડેલા સજ્જનને સુધારી શકતા નથી. પણ એક બગડેલું સજ્જન દસ સજ્જનને બગાડી શકે છે.

* 'ચિંતન' અજ્ઞાનનું આવરણ દૂર કરી જ્ઞાનનો પ્રકાશ પાથરે છે.

# લલિતચિંતન

* 'સફળતા' એવી સીડી છે કે જેના ઉપર ખિસ્સામાં હાથ રાખી ચઢી ન શકાય.

* કાલ-કાલ કરતાં 'કાળ' ન આવી જાય, માટે કાલે કરવાનું છે તે આજે કરો, કાલની કોને ખબર છે ?

* તીર્થોમાં શ્રેષ્ઠ તીર્થ, વિશુદ્ધ હૃદય છે.

* આપણું ૯૦ ટકાનું ટેન્શન આપણી ૧૦ ટકા બેદરકારી ને કારણે હોય છે.

* 'વાંસ' જ્યારે વિંધાય છે ત્યારે જ વાંસળી બની મધુર સૂરો છેડી શકે છે.

* એક 'મણ' ભાષણ કરતાં એક 'કણ' આચરણ વધુ ઉપયોગી છે.

* મૃત્યુનો ભય માનવીને ડરપોક બનાવે છે પણ.....
  મૃત્યુનું ભાન માનવીને જાગૃત બનાવે છે.

* ધર્મ સાંભળો બે ઘડી, પણ એને સાચવો હરઘડી.

* આપણી પાસે જે ચીજ ન હોય એને વીસરી જવાની કળા એ જ 'સુખ'.

* ના વ્હેમથી જીવો, ના વ્હેમથી જીવો, આદર્શ જીવન માટે પ્રેમથી જીવો.

* દરેક વ્યક્તિના દોષ કાઢનારા માણસો ક્યારેય 'નિર્દોષ' નથી હોતા.

* ખુદાની આ મહત્તા પર કોઈ દૃષ્ટિ નથી કરતું,
  હતું અદૃશ્ય રહેવાનું, છતાં એણે ઘડી આંખો !

# લલિતચિંતન

* 'ચિંતન' નું ઈન્જેક્શન લેશો તો બીજા સદ્‌ગુણો એની સાથે ખેંચાઈને આવશે.

* સંયમ જેવી કોઈ સાધના નથી, ક્ષમા જેવી કોઈ આરાધના નથી.

* પરમાત્માનું સરનામું દિલ છે, દિમાગ નહિ !

* ઝઘડો અને ઝરણું બન્નેનું મૂળ નાનું હોય છે પણ ધીમે ધીમે વિશાળ બને છે.

* જે જતું કરવાનું શીખવે તે 'રામાયણ' અને
  જે જકડી રાખવાનું શીખવે તે 'મહાભારત'.

* ક્ષમા : શાસ્ત્રોનો સાર છે અને સુખી જીવનનો આધાર છે.

* કરીએ કષાયોના કકળાટને બંધ, તો થાશે દિલથી દિલના સંબંધ.

* મીઠી જબાન તો વશીકરણ કરવાનો એક સરસ મંત્ર છે.

* સંવત્સરી પર્વનો મર્મ : આત્માની આરાધના, ધર્મની પ્રભાવના, સત્યની ઝંખના અને સાચા દિલની ક્ષમાપના.

* નિષ્ફળતા એ અપરાધ નથી નીચું ધ્યેય એ જ અપરાધ છે.

* માનવી ઘરડો થાય છે પણ એની તૃષ્ણા કદી ઘરડી થતી નથી.

* વેરની વસુલાતમાં કોઈ સાર નથી, પ્રેમથી કબૂલાતમાં કોઈ ભાર નથી.

* જીવન માત્ર જીવવાનું નથી..... જીતવાનું પણ છે.
  જીવન માત્ર વિતાવવાનું નથી..... વિકસાવવાનું પણ છે.

# લલિતચિંતન

* જ્યારે એક વ્યક્તિ ઝઘડવાનું ઈચ્છતી નથી તો તેની સાથે ઝઘડો શક્ય નથી.

* આજે તમે ઝરણું ભલે હો, કાલે સાગર થઈ જશો.
આજે હો ભલે બીજ નાનું, કાલે વડલો બની જશે.

* પ્રેમાળ અને મધુર શબ્દો બોલવા માટે એક પૈસાનો પણ ખર્ચ નથી.

* 'ચિંતન' ની જીવનમાં અસર ન થાય તો સમજવું કે આપણામાં કાંઈક કસર છે.

* 'ધન' નું રક્ષણ આપણે કરવું પડે છે, જ્યારે 'જ્ઞાન' આપણું રક્ષણ કરે છે.

* દુઃખદાયી ગ્રહો : આગ્રહ, વિગ્રહ, પૂર્વગ્રહ, દુરાગ્રહ, હઠાગ્રહ, કદાગ્રહ અને સંગ્રહ !

* આજે સ્વાર્થના વધતા ચલણ સામે શું કરીએ રોષ,
માણસાઈને બાજુ પર મૂકી દીધી એ જ આપણો દોષ.

* બુદ્ધિશાળી વ્યક્તિને જેટલી તકો મળે છે તેથી વિશેષ તકો એ ઊભી કરે છે.

* આનંદિત જીવન માટે : સુખનો બહુ ચાહ ન કરો, દુઃખની બહુ ફરિયાદ ન કરો.

* હોદ્દાથી તમારી નહિ પરંતુ તમારાથી હોદ્દાની શોભા વધવી જોઈએ.

* મોબાઈલની ઘંટડીથી સજાગ થઈ જતા આપણને મંદિરના ઘંટથી જાગૃતિ આવતી નથી. કમાલ છે આપણી દિનચર્યા !

* નૈતિક મૂલ્યોનું જ્યાં પતન થતું હોય તે વિકાસ નહિ પણ વિનાશ છે.

# લલિતચિંતન

* સફળતાની શંકા રાખનારને કદી સફળતા મળતી નથી.

* એવી કોઈ રાત્રી હોતી નથી કે તેના પછી સૂર્યોદય ન થયો હોય !

* મોટાભાગનું શાણપણ હંમેશા જૂજ શબ્દોમાં જ સમાયું હોય છે.

* નમ્રતા એવી મૂડી છે કે એ જેમ જેમ વપરાતી જાય તેમ તેમ વધતી જાય છે.

* પ્રશંસાની ભૂખ રાખનાર માણસો તેની પાત્રતામાં સાવ કંગાળ હોય છે.

* જે બીજાઓને જાણે છે એ વિદ્વાન છે, જે સ્વયંને જાણે છે એ જ્ઞાની છે.

* હું બતાવું છું ચંદ્ર અને તમે જુઓ છો મારી આંગળી !

* તમે કોઈનું અનુકરણ કરો છો, તે જ ઘડીએ તમે તમારી જાતથી મરી જાવ છો.

* આખું શરીર 'મફત' માં મળેલ છે તેથી આપણને તેની કાંઈ કિંમત નથી. જ્યારે હાર્ટના એક ટચુકડા વાલ્વ માટે લાખોની રકમ આપવી પડે છે.

* 'અહમ' ને ઓગાળ્યા વિના 'અર્હત' ન જ બની શકાય.

* જીવનમાં એકઠું કરીને જે પાત્રમાં ભરીએ છીએ તેને તળિયું જ નથી હોતું.

* પાળ વગરનું તળાવ, કિનારા વગરની નદી,
નિયમ વગરનું જીવન, ટકી શકે ના કદી.

# લલિતચિંતન

* પરમાત્માના ઉપકારોનું 'ચિંતન' એ જ સાચી પ્રાર્થના છે.

* કોણ ભલાને પૂછે છે ? અહિં કોણ બુરાને પૂછે છે ?
મતલબથી બધાને નિસ્બત છે, અહિં કોણ ખરાને પૂછે છે ;
અત્તરને નિચોવી કોણ પછી, ફૂલોની દશાને પૂછે છે ;
અરે ! આ તો સંજોગો ઝૂકાવે છે, નહિતર અહીં કોણ ખુદાને પૂછે છે.

* પ્રેરણાની રાહ જોઈ બેસવાથી ભાગ્યેજ કોઈ કામ થાય છે.

* સહનશીલતા કાયરતા નહિ, પણ શુરવીરતાની નિશાની છે.

* 'તિજોરી' ઝવેરાત માટે બંધનરૂપ નથી ગણાતી, તેમ 'સંયમ' શિષ્ટ પુરૂષો માટે નિયંત્રણ રૂપ છે.

* હે પ્રભુ ! જમાનાના ઘણા પુણ્યો, જમાનાને મુબારક હો,
હું પારખું પાપને મારા મને એવા નયન દેજે.

* માતૃભાષા એ આંખ છે, જ્યારે અન્ય ભાષાઓ ચશ્મા છે. આંખ વગર ચશ્માની શી કિંમત ?

* 'જન્મદિન મુબારક' - પ્રેમને એક તારીખ પૂરતો જ શા માટે મર્યાદિત રાખવો ?

* હાઈવેના 'માઈલ સ્ટોન' પર દર્શાવેલ અંતરના પ્રતિભાવ દરેક પ્રવાસીના સરખા હોતા નથી. એક કહેશે કેટલું અંતર કાપ્યું ? જ્યારે બીજો કહેશે કેટલું અંતર બાકી રહ્યું ?

* 'તમારો આભાર મારે કેમ માનવો ? એ મને સમજાતું નથી' એવું કોઈ કહે ત્યારે તેને પૂછવું કે 'કેમ તમારી પાસે ચેકબૂક નથી ?'

* જીભને જીતનાર વ્યક્તિ જગતને જીતી શકે છે.

# લલિતચિંતન

* બોલેલા શબ્દોના અનેક અર્થ થઈ શકે, જ્યારે મૌનનો અર્થ હા કે ના થાય છે.

* બીજાને સુખ આપવું એ ઉદારતાની સૌથી મોટી પ્રવૃત્તિ છે.

* જન્મ અને અનંતની યાત્રા માટે ચોઘડિયા જોવાતા નથી !

* સારું નરસું, મારું-તારું, મનના સૌ ઉત્પાત છે.
  રાખ થાય છે જ્યારે સૌની સરખી, વ્યર્થ બધી પંચાત છે.

* હૃદયને જ્યારે લાગણીનો પરસેવો વળે છે ત્યારે તે આંસુરૂપે બહાર આવે છે.

* 'કરજ' એક એવી વસ્તુ છે જેની હંમેશા આપણે બીજા પાસેથી આશા રાખીએ છીએ.

* જીતવાનો આનંદ માણવા માટે હારવાનો અનુભવ જરૂરી છે.

* ટીકા માટે આંગળી દર્શાવતા પહેલા આપણી આંગળીના નખમાં કચરો નથી ને ?

* આજે બોલાયેલ જૂઠા માટે કાલે ફરીથી બીજું જૂઠું બોલવું પડશે.

* ક્રોધી સ્વભાવવાળાએ બીજાના ક્રોધી સ્વભાવની ટીકા કરવી યોગ્ય નથી.

* ગઈકાલની થયેલી ભૂલોની ગમગીની ને યાદ કરી આજનો દિવસ ગુમાવશો નહિ.

* પોતાને સુધારવા એટલો સમય આપો કે બીજાની ટીકા કરવાનો સમય ન રહે.

# લલિતચિંતન

* દયા જેવો કોઈ ધર્મ નથી, ત્યાગ જેવું કોઈ સુખ નથી, ક્ષમા જેવું કોઈ દાન નથી.

* સંસારને સ્વપ્નરૂપ સમજે તે જ મોક્ષની મજા માણી શકે.

* પ્રેમ એટલે દિલથી અપાતું માન, અને માન એટલે દિમાગથી અપાતો પ્રેમ.

* દુઃખનું કારણ દુઃખ નથી પરંતુ સુખ નથી મળતું એ દુઃખનું કારણ છે.

* ખમવા - ખમાવવામાં જબરદસ્તી નથી હોતી.
  આપો દિલ શત્રુને તો વેરની હસ્તી નથી હોતી.

* આપણી પાસે કાંઈ ન હોય એ કરુણતા નથી પરંતુ આપણું કોઈ ન હોય એ મોટી કરુણતા છે.

* ભૂતકાળના ખ્યાલમાંથી બહાર નિકળશું તો ભવિષ્ય ભાર વિનાનું બનશે.

* 'કમ ખાઓ' શરીર સ્વસ્થ, 'ગમ ખાઓ' જીવ સ્વસ્થ, 'નમ જાઓ' પરિવાર સ્વસ્થ.

* માન મેળવવાનો એક જ રસ્તો છે કે પહેલા બીજાને માન આપો.

* તમારૂં દિલ પ્રભુને અર્પણ કરો તો તમને હૃદય હુમલો નહીં થાય.

* પ્રતિકુળતામાં સમતા ભાવ રાખવો એ જ સાધનાની કસોટી છે.

* રાઈના દાણા જેટલી હિંમત પહાડ જેવી મુશ્કેલીઓ માટે બસ છે.

* શહેરના લોકો બધું ભેગું કરવામાં માને છે, જ્યારે ગામડાના લોકો ભેગાં થવામાં માને છે.

# લલિતચિંતન

* જો મગજ હાથમાં ન રહેતું હોય તો જીભને ઓછી તકલીફ આપવી.

* આજે સમાજ સજ્જન કરતાં પૈસાદાર દુર્જનની કિંમત વધુ આંકે છે.

* દુનિયામાં આપણે વિઝીટર વિસા પર આવ્યા છીએ પણ રહીએ છીએ જાણે કાયમ રહીએ તેમ !

* ડુંગરની જેમ લોકો પણ દૂરથી જ રળિયામણા લાગે છે !

* માછલીઓની કૂદાકૂદથી સાગરને કાંઈ અસર થતી નથી.

* વ્યર્થ વિચારો પર પૂર્ણવિરામ મૂકી 'ચિંતન' કરો.

* ઓછાડ બદલવાથી ગંદુ ગાદલું ચોખ્ખું થઈ જવાનું નથી.

* શાણો મુરખ સમજીને હસે છે, મુરખ સૌને મનમાં હસે છે, પણ કોણ છે શાણો ને કોણ છે મુરખ ? સર્જનહાર સૌની ઉપર હસે છે.

* 'શોખ' ને એટલી હદે ન સેવો કે જેથી તે 'શોક' નું કારણ બની જાય !

* આજે નહિ કાલે, એવું હવે નહિ ચાલે ! માટે જાગૃત થઈ જાવ.

* કામ કર્યા વગર કટાઈ જવા કરતાં, કામ કરતાં ઘસાઈ જવું બહેતર છે.

* મણકા અને દોરા જેવો સંબંધ શરીર અને આત્મા વચ્ચે રહેલો છે.

* દુનિયા એકદમ પાસે આવી ગઈ છે પરંતુ માનવી-માનવીથી દૂર થતો જાય છે.

# લલિતચિંતન

* વિશ્વાસમાં પ્રેમ ભળવાથીનું શ્રદ્ધામાં રૂપાંતર થાય છે.

* સુંદર વિચારો અને તેનું 'ચિંતન' આંતરિક સૌંદર્ય ની નિશાની છે.

* દરેક વ્યક્તિ માં ખૂબીઓ અને ખામીઓ હોય છે ખામીઓ જોવા કરતાં ખૂબીઓ જુઓ.

* બમ્પને કારણેજ આપણી મુસાફરી વધારે સલામત બને છે તેમ... જિન્દગીની સફરમાં પણ આવું જ છે !

* ઈચ્છાઓનો કોઈ અંત નથી, તેથી જ આપણે મેળવ્યાનો આનંદ માણી શકતા નથી.

* નહિ બોલાયેલો શબ્દ તમારો ગુલામ છે, જ્યારે બોલાયેલો શબ્દ માલિક બની જાય છે.

* દરેક માનવમાં અજ્ઞાનતા હોય છે, ફક્ત દરેકનું અજ્ઞાન જુદાજુદા વિષયોનું હોય છે.

* જ્યાં સમજણ છે ત્યાં સુખ, શાંતિ અને આનંદ છે.

* પોતે અભિમાની નથી, તે માનવું પણ એક અભિમાન છે.

* લાગણીને કારણે જ માણસ બુદ્ધિપૂર્વક વિચારતો થયો છે.

* સેવાની તક આપનાર પ્રભુ અને સેવા સ્વીકારનાર બન્ને એક જ છે.

* આપણે બોરની ખરીદી કરીએ ત્યારે ઠળિયા પણ મળવાના જ.

* મનનો થાક ઉતારવા નિયમીત 'ચિંતન' વાંચવાની ટેવ પાડો.

* મૂર્ખા સાથે દલીલ ન કરો, લોકો તમનેય તેના જેવા જ જાણશે.

# લલિતચિંતન

* જેને પુસ્તકો વાંચવાનો શોખ છે એ બધે જ સુખી રહી શકે છે.

* વિચારોનું અજીર્ણ ભોજનના અજીર્ણ કરતાં વધારે ખરાબ છે.

* કલ્પનાની પાંખને વાસ્તવિકતાની આંખ મળે તો... જીવનની જડતાને ખૂલ્લું આકાશ મળે.

* 'અહમ' નો મોતિયો ઉતરશે તો જ દિલમાં દિવા જેવું ચોખ્ખું દેખાશે.

* આનંદનું 'ફળ' પામવા માટે આનંદનું 'બી' રોપવું પડે છે.

* માણસે બીજાને સાંભળવાની પણ ટેવ પાડવી જરૂરી છે.

* પૂનમની પરાકાષ્ટા આવ્યા પછી બીજા જ દિવસે ચંદ્રની પડતી શરૂ થાય છે.

* પ્રાર્થના એટલે પરમાત્મામાં લય પામવાની સતત અભિલાષા.

* નાસ્તિકને મન ઈશ્વર શૂન્ય છે, જ્યારે આસ્તિકને મન એ પૂર્ણવિરામ છે.

* માણસ બધું સમજી શકે છે પરંતુ પોતાનો સ્વભાવ સમજી શકતો નથી.

* ગાડીમાં અડધી સીટ પર બેસવું ફાવતું નથી તો પરમાત્માની શરણાગતિ અડધી સ્વીકારવાથી કેમ ચાલે ?

* પૈસાદાર હોવાનો દેખાવ કરવામાં જ માણસ ગરીબ થઈ રહ્યો છે.

* અગ્નિમાં જેમ સોનું પરખાય છે, તેમ મંદીમાં મિત્રતા પરખાય છે.

# લલિતચિંતન

* મનુષ્ય ચિંતાથી મરતો નથી, પરંતુ ચિંતિત રહી દુઃખી જરૂર થાય છે.

* 'મૌન' જ્ઞાનીઓની સભામાં અજ્ઞાનીઓ માટે ઉચિત છે તેટલું અજ્ઞાનીઓની સામે જ્ઞાનીઓ માટે ઉચિત છે.

* શંકાથી શંકાઓનો ગુણાકાર થાય છે અને જવાબમાં વિનાશ આવે છે.

* પ્રશંસા કર્યા વગર કોઈને પ્રસન્ન નથી કરી શકાતું અને ખોટું બોલ્યા વગર કોઈની પ્રશંસા નથી કરી શકાતી.

* સદ્‌ગુણ વિનાની સુંદરતા, પાણી વિનાની નદી સમાન છે.

* આજના યુગમાં સત્યને પણ પુરાવા અને સાબિતી આપવી પડે તેવું છે !

* જમણા હાથના પુરુષાર્થથી ડાબા હાથમાં સફળતા લાવી શકાય છે.

* પંડિતો આંજી નાખે છે જ્યારે સંતો માંજી નાખે છે.

* 'ચિંતન' એ જ ચિંતામણી છે જે વિષાદને પ્રસાદ બનાવી દે છે.

* સંબંધ વફાદારી પર ઊભેલી ઈમારત છે.

* ૩ ઈંચ લાંબી જીભ, ૬ ફૂટના માનવીને કાપી નાખવા સમર્થ છે.

* બહારની દૃષ્ટિ સંકેલી થોડી ભીતર વાળીએ,
  'નથી' ની ઝંખના છોડી 'છે' તેનું સુખ માણીએ.

* નૌકા પાણીમાં રહી શકે છે પણ પાણી નૌકામાં ન રહેવું જોઈએ.

* મનુષ્યની આવશ્યકતા પૂરી થઈ શકે છે, ઈચ્છા કદાપિ નહિ !

# લલિતચિંતન

* આવડત નમ્રતાના વસ્ત્રોમાં જ શોભે, અભિમાનના સૂટ-બૂટમાં નહિ !

* મોડી રાતે પણ જે રાહ જુએ છે તે માતા છે.

* જિંદગી હસીને હસાવી લ્યો, બે ઘડી સ્નેહમાં વિતાવી લ્યો,
  શું ખબર કાલે મળ્યા કે ન મળ્યા, આજને પ્રેમથી વધાવી લ્યો.

* પૈસા કમાવવા તે જીવનનો એક અંશ છે, સમગ્ર જિંદગી નથી.

* મનમાંથી જ્યાં સુધી માયા દૂર ન થાય ત્યાં સુધી ત્યાગનો કોઈ અર્થ નથી.

* 'ક્રોધ' એટલે બીજાની ભૂલોનો બદલો પોતાની જાત સાથે લેવો.

* લોકો એકલતા અનુભવે છે કારણકે તેઓ પૂલને બદલે દિવાલ ચણે છે.

* નિરાશાવાદી જિંદગીમાં ખોબો ભરાય એટલું જ હસે છે, તેથી કૂવો ભરાય એટલું રડે છે.

* જિંદગીના ગણિતમાં એક પદ ખોટું પડે એટલે આખો દાખલો ખોટો.

* હાથીની અંબાડી પર બેઠા પછી-હાર-તોરા કે ફૂલ માટે નીચા ન નમાય.

* આપણી પ્રશંસા થાય ત્યારે માનવું કે આપણે તેવા નથી પરંતુ તેવા થવાનું છે.

* યુવાનીમાં જે શીખીએ છીએ એને આપણે વૃદ્ધાવસ્થામાં સમજીએ છીએ.

# લલિતચિંતન

* તમારી વ્યથા તમારી પાસે રાખો, બીજાઓને તે સાંભળવામાં કોઈ રસ નથી હોતો.

* કોઈપણ પરિસ્થિતિ કાયમ હોતી નથી, બધુ પરિવર્તનશીલ છે.

* પાણી અને વાણી બન્ને ગાળીને વાપરો.

* સ્વપ્નાંના માલિક બનવામાં જેટલી મજા છે એટલી બીજાના માલિક થવામાં નથી.

* દરેક મા-બાપને પોતાનું સંતાન V.I.P. જ લાગતું હોય છે.

* ભૂલો ક્ષણોમાં થતી હોય છે જેની સજા ભોગવવા વર્ષો પણ ઓછા પડે છે.

* 'બાળપણ' યુવાનીનું 'ગાંડપણ' અને 'ઘડપણ' આ ત્રણે અવસ્થાઓમાં 'ડહાપણ' હોવું જરૂરી છે તો જ અવસ્થા માણી શકશું.

* જે લઘુતાને નિભાવી શકે છે તે જ પ્રભુતાને પચાવી શકે છે.

* ઈચ્છાથી અળગો રહે, દુઃખમાં સ્થિર,
  પરમ તત્વ પામી ફરે, તે સાધુ, સંત, ફકિર.

* ગરીબને મુંઝવણ છે : શું ખાવું ? જ્યારે શ્રીમંતને મુંઝવણ છે શું શું ખાવું ?

* સ્વાર્થને સ્વકેન્દ્રિત કરવાથી મૂલ્યોનું અધઃપતન થઈ જાય છે.

* માતાને સંતાનનો, પત્નીને પતિનો તેમ નેતાને તેની ખુરશીનો વિયોગ અસહ્ય હોય છે.

# લલિતચિંતન

* ઈશ્વર સ્મરણ કરવું સહેલું છે પરંતુ સંસારનું વિસ્મરણ કરવું મુશ્કેલ છે.

* 'અહંકાર' ની આહુતિ વિના બધા યજ્ઞો અધૂરા ગણાય છે.

* ધન મેળવવું મુશ્કેલ છે, મેળવ્યા પછી જાળવી રાખવું વધુ મુશ્કેલ છે પરંતુ યોગ્ય રીતે વાપરવું એ સૌથી વધુ મુશ્કેલ છે.

* મોટાઓની અલ્પતા જોઈ થાક્યો, પણ હવે નાનાઓની મોટાઈ જોઈ આનંદ આવે છે.

* જો સાચા અર્થમાં શાંતિ જોઈતી હોય તો અન્યના દોષોની અવગણના કરવી.

* કીર્તિ મેળવવા ઘણા સારા કામો કરવા પડે જ્યારે ગુમાવવા એક ખરાબ કામ બસ છે.

* શબ્દના શિલ્પી થવું સહેલું નથી, દર્દને કંડારવું સહેલું નથી, સ્હેજમાં સંબંધો તો બંધાય છે પણ સ્થાન દિલમાં પામવું સહેલું નથી.

* વિચારોનું 'ચિંતન' માણસને સદા પ્રભુના સાન્નિધ્યમાં રાખે છે.

* નિષ્ફળતાની ઈમારત બહાનાના પાયા પર રચાતી હોય છે.

* શિખામણને અસરકારક બનાવવા સૌ પ્રથમ તેનો અમલ કરવો જોઈએ.

* તિજોરીમાં ધન ભેગું થતું જાય છે ત્યારે ઘરમાં મન જુદાં થતાં જાય છે.

* આંસુઓનાં પડે પ્રતિબિંબ, એવાં દર્પણ ક્યાં છે ?
કહ્યા વિના સઘળું સમજે, એવાં સગપણ ક્યાં છે ?

# લલિતચિંતન

* એક વહેતું ઝરણું જોઈને માની લેવું કે મહાસાગર ક્યાંક છે તેનું નામ શ્રદ્ધા.

* ગોરી, બિસ્તર બાંધી લો, ઘણો કર્યો વિરામ,
  આ કાયમનું ઘર નહીં, વિશ્વ છે અતિથિ ધામ.

* આપણી વાણી મૌન કરતાં ચઢિયાતી હોવી જોઈએ, નહિ તો મૌન સારું છે.

* વ્યક્તિના વખાણ કરવા કરતાં તેને અનુસરવું ઉત્તમ છે.

* જગતનું પ્રદુષણ આપણા જીવનમાં ન ફેલાય તેનું ધ્યાન અવશ્ય રાખવું.

* સ્વાર્થની સડક પરથી પરમાર્થને પંથે જવા પ્રેરે તેનું નામ 'વિવેક'

* ઘંટી અને માણસ વચ્ચે એટલો જ ફરક છે કે ઘંટી નવરી પડે ત્યારે દળતી નથી, જ્યારે માણસ નવરો પડે ત્યારે જ બીજાને દળે છે.

* જીવન ગતિશીલ હોવાથી બેવિચાર મન સમસ્યાઓનું કારણ બની જાય છે.

* પહેલાં જાત ઉપર શ્રદ્ધા કેળવશું તો જ ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા બેસશે.

* મનુષ્યનો સ્વભાવ છે કે વિચારતી વખતે તે ખૂબ શાણપણ રાખે છે, પરંતુ વર્તન કરતી વખતે તે મૂર્ખાઈ કરે છે.

* જે આવતીકાલ ઉપર નજર નાખી શકે છે તે વ્યક્તિ આગળ વધી શકે છે.

* સગા આપણી પસંદગીના હોતા નથી, પરંતુ મિત્રો આપણી પસંદગીના હોવા જોઈએ.

# લલિતચિંતન

* પ્રેમમાં વહેમ એ દૂધપાકમાં ઝેરના ટીપાં બરાબર છે.

* હે પ્રભુ ! તુ તો ઘડીને ગુલછડી બનાવે છે.
પ્રકૃતિની હર છટાને ફાંકડી બનાવે છે.
કિન્તુ માનવને છે શું ? અરરર ! એતો
લીલીછમ ડાળીમાંથી લાકડી બનાવે છે.

* ચલણી નોટો એટલે કાગળનું ફૂલ, સુગંધ નથી તો પણ આપણે સૂંઘ્યા કરીએ છીએ.

* મોટા ઈરાદા રાખવા કરતાં નાનું શુભ કાર્ય વધુ સારૂં છે.

* આપણે આપણા ફેમિલી ડૉ. કે વકીલનું કહ્યું માનીએ છીએ પણ... આપણાં ધર્મગુરૂનું કહ્યું માનતા નથી.

* ટૂંકા ગાળાનો ગુસ્સો લાંબા સમય માટે પશ્ચાતાપનું કારણ બની શકે છે.

* ચિંતા, ગુસ્સો, ટેન્શન, ડિપ્રેશન અતિ મહત્વાકાંક્ષી રોગો છે.

* દરવાજેથી ગરીબી પ્રવેશતા - પ્રેમ બારીમાંથી ઊડી જાય છે.

* જીવન શુદ્ધિ વિના જીવન સિદ્ધિ અશક્ય છે.

* લાત મારવા કરતાં પીઠ થાબડવામાં મહેનત ઓછી અને પરિણામ સારૂં.

* ખુદ ને મિટાવ્યા વિના ખુદા નથી મળતા.

* સમજુ છે પણ સમજતો નથી, સમજાવવો એને કઈ રીતે ?
અણસમજુ ને તો અપાય સમજ, સમજુને સુધારવો કઈ રીતે ?

# લલિતચિંતન

* મોટું ભાષણ એ શબ્દોની હિંસા છે.

* અંતરવનમાં ક્ષમાના વૃક્ષો વાવીને મૈત્રીનું ઉપવન બનાવતા શીખીએ.

* ધરતી એના ખોદનારને પાણી આપે છે, જ્યારે માણસ એનુ ખોદનારને પાણીમાં ડુબાડી દે છે.

* આજનો માનવ ઉપગ્રહ છોડી શકે છે પરંતુ પૂર્વગ્રહ છોડી શકતો નથી.

* 'મારી ભૂલ થઈ' આ ત્રણ શબ્દો બોલવામાં માણસ ખૂબ ખચકાટ અનુભવે છે.

* પાશ્ચાતાપ માનવીને પવિત્ર બનાવે છે જ્યારે ક્ષમા માનવી ને મહાન બનાવે છે.

* જેણે બાલ્યાવસ્થામાં વિદ્યા, યુવાવસ્થામાં ધન, પ્રૌઢાવસ્થામાં કીર્તિ ન મેળવ્યા તે વૃદ્ધાવસ્થામાં શું મેળવી શકે ?

* 'ચિંતન' ભૂતકાળની ભૂલો ભૂલી આદર્શ જિંદગી માટે સંદેશ આપે છે.

* માણસ જો લાલચને ઠોકર મારે તો જીવનમાં ઊંચુ સ્થાન મેળવી શકે.

* તન બગડે તેવું ખાવું નહિ, મન બગડે તેવું વિચારવું નહિ,
  ધન બગડે તેવું કાપું નહિ, જીવન બગડે તેવું આચરવું નહિ.

* તૃષ્ણાની સીડી અંત વિનાની સીડી છે.

* ખૂલ્લા બારણાની ચાવી શોધવા ન જવાય.

* ચિત્રકાર એક પણ ખોટું મારે તો આખું ચિત્ર ખરાબ થઈ જાય છે.
  તેમ જીવનમાં કરેલ એક ખોટું કામ જિંદગી બગાડી નાખે છે.

# લલિતચિંતન

* પરિસ્થિતિને બદલનાર પોતાના ભાગ્યને પણ બદલી નાખે છે.

* 'શેતાન' સારા આળસુઓમાંથી પોતાના શિષ્ય પસંદ કરે છે.

* 'ચિંતન' દ્વારા પ્રથમ જાગૃતિ અને પછી જીવનમાં પ્રગતિ થઈ શકશે.

* સંબંધોમાં અધિકારની વાત આવતાની સાથે તિરસ્કાર શરૂ થાય છે.

* જિંદગી માણવી હોય તો તેને કોઈપણ જાતની શર્ત વગર પ્રેમ કરો.

* સારા વિચારોને અમલમાં મૂકવામાં રાહ ન જોવી અને
  ખરાબ વિચારોને અમલમાં મૂકવામાં ઉતાવળ ન કરવી.

* બધું જ હાથમાંથી સરી જતું હોય, છતાં તમારી સંકલ્પશક્તિ
  પકડી રાખજો.

* સમયનું સન્માન એ જ ધર્મનું પ્રથમ પગથિયું છે.

* આપણી ભીતરમાં પડેલી ચેતનાનો અનાદર એ જ નાસ્તિકતા છે.

* સફળતા હેઠળ અનેક ભૂલો ઢંકાયેલી હોય છે જેથી ભૂલોથી
  ડરશો નહિ.

* કોઈની સલાહ પ્રમાણે ચાલવામાં જેટલું જોખમ છે, એટલું જ
  જોખમ સલાહ આપવામાં છે.

* કોઈના કાર્યમાં શુભ ભાવે દાખલ થાઓ પણ તેમાં દખલ ન કરો.

* કોઈ નિષ્પાપ છે જગમાં તો જરા બતાવ તું,
  પાપ વિણ જીવાય શી રીતે એ મને સમજાવ તું,
  હું બુરા કૃત્યો કરું ને, તું આપે સજા બૂરી
  તો પછી તુજમાં ને મુજમાં ફરક ના જરી.

# લલિતચિંતન

* સારા તરવૈયાની કસોટી ઊંડા પાણીમાં થાય છે, તેમ શ્રદ્ધાની કસોટી દુઃખી સમયમાં થાય છે.

* પહેલા તમને ગમે છે તે પસંદ કરો અથવા તમને મળ્યું છે તેને ગમતું કરો !

* રોગી માણસોથી આપણે દૂર રહીએ છીએ તો ભોગી માણસોથી શા માટે નહિ ?

* કલહ જીવનને ઉજ્જડ બનાવે છે... સુલેહ જીવનને ઉજ્જવલ બનાવે છે.

* આળસ એ આરામ નથી, કંજુસાઈ એ કરકસર નથી અને ઉડાવપણું એ ઉદારતા નથી, જીવનમાં વિવેકપૂર્વકની સમજણ જરૂરી છે.

* મરેલાને બાળે એ ચિતા અને જીવતાને બાળે એ ચિંતા.

* રકમ મળતાં ચેક કેન્સલ થાય છે તેમ સુખ મળતા પુણ્ય કેન્સલ થાય છે.

* અહંકારી વ્યક્તિ ફૂલાઈ શકે છે પણ ફેલાઈ શકતી નથી.

* સમાજને 'આંજે' એવા નહિ, 'માંજે' એવા સંતોની આજે જરૂરત છે.

* અણમોલ છે એ કરૂણા, એ ભેદ લો પીછાણી,
  હૈયું રડે તો મોતી, અને આંખ રડે તો પાણી.

* સંતોષ-સેતુ તૂટી જતાં ઈચ્છાઓનું વહેણ અપરિચિત થઈ જાય છે.

* તારા સુખ ની મહેફીલમાં સહુને નોતરજે. જમી જજે આંસુનો થાળ તું એકલો.

* વાત્સલ્યમાં 'વિરહ' પણ એક ટૂંકા ગાળાના મૃત્યુનો પ્રકાર છે.

# લલિતચિંતન

* લગ્નજીવનના રથના ચાર પૈડા છે : પ્રેમ, વિશ્વાસ, સમજણ અને સમર્પણ.

* સંપત્તિ વધારવાનો હક્ક દરેકને છે, પરંતુ તેના કાયમ માલિક થવાનો હક્ક નથી.

* કેટલાક લોકો અમુક વાત કહી ભૂલી શકતા નથી પણ એ વાત અગાઉ દસ વાર કહી ગયા છે એ ભૂલી જાય છે.

* જગતને જીતતા પહેલાં જીભ ને જીતવાની જરૂર છે.

* પવન, પાણી, પ્રકાશ અને પ્રાણની ગેરહાજરીથી જ તેની કિંમત અંકાય છે.

* મોટે ભાગે માણસ પોતાના જ વિચાર કરી બીજાની ફરિયાદ કરતો જાય છે.

* અંતરના વનમાં ક્ષમાના વૃક્ષો વાવશું તો જ મૈત્રીનું ઉપવન ખીલી ઉઠશે.

* જીવનમાં બધી વસ્તુ આપણી ફાવતી મળતી નથી. થોડી ફાવડાવવી પણ જોઈએ.

* ચાલો સાથે મળીને ભગવાનના વારસ બની જઈએ, શરત બસ એટલી છે કે સૌ પ્રથમ માણસ બની જઈએ.

* પ્રેમ સહુ પ્રત્યે રાખો, વિશ્વાસ થોડા પર રાખો, પણ દ્વેષ કોઈના પ્રત્યે ન રાખો.

* વૃક્ષને કાપી, થાકેલો કઠિયારો વૃક્ષનો છાંયડો શોધે છે.

* માણસની મહાનતાનો માપદંડ તેના દુશ્મનોની સંખ્યા પર છે.

* ધર્મ તો માર્ગ છે, માત્ર જાણકારી નથી તેના ઉપર ચાલવાથી જ મંઝિલ મળે છે.

# લલિતચિંતન

* પાપ કરવું મરજિયાત છે પણ તેનું પરિણામ વેઠવું ફરજિયાત છે.

* અહંકાર બે વ્યક્તિ વચ્ચે દિવાલ ઊભી કરે છે જ્યારે પ્રેમ પૂલનું નિર્માણ કરે છે.

* પૈસો છઠ્ઠી ઈન્દ્રિય બની ગયો છે, જેણે પાંચે ઈન્દ્રિયોનો કાબૂ મેળવી લીધો છે.

* તું કૌરવ, તું પાંડવ, મનવા તું રાવણ તું રામ,
હૈયાના કુરૂક્ષેત્ર પર પળપળનો સંગ્રામ

* લોન્ડ્રીમાં ગયેલ કપડાં શુદ્ધ થઈને આવે છે જ્યારે દેવસ્થાનમાંથી પાછા ફરતા આપણે તો એવા ને એવા.

* મોટામાં મોટુ મોજું પણ દરિયામાં ક્ષણવારમાં ખોવાઈ જાય છે.

* ચિંતન રોજિંદા જીવનમાં અંધારૂં દૂર કરી અજવાળું પાથરી દે છે.

* ગરમ પાણીથી હાથ દાઝે છે તેમ ગરમ વાણીથી હૈયું દાઝે છે.

* ક્યારેય શક ન કર ખુદાની રહમ નજર પર, એક આગિયાને પણ ચમકાવવા અંધારૂં જરૂરી છે.

* મનુષ્યનો વિકાસ અટકી જાય છે ત્યારથી તેના પતનની શરુઆત થાય છે.

* ડૉ. પાસે તનના દોષો જાહેર કરીએ છીએ તેમ ગુરૂ પાસે મનના દોષો જણાવવા જોઈએ.

* બાળક પડે નહિ ત્યાં સુધી ચાલતા શીખતું નથી તેમ માણસ પછડાટ ખાય પછી જ આગળ વધી શકે છે.

* જરૂરિયાતો વધી એટલે દુઃખ વધ્યું, જરૂરિયાતો ઘટશે તો જ સુખ વધશે.

# લલિતચિંતન

* પરિશ્રમ વગર પરિણામ અને મહેનત વિના પ્રગતિ અશક્ય છે.

* નાનો છે પણ મીઠડા જળથી ભર્યો કળશ,
  સાગર દેખી દોડમાં, ના છીપે ત્યાં તરસ.

* 'આનંદ' જીવન ચક્રોમાં તેલ પૂરે છે, તેથી કાર્ય ઉત્સાહથી વેગ પકડે છે.

* પ્રસાદના ટુકડામાં પ્રસાદ આખાનો સ્વાદ છે, તેમ 'ચિંતન' ના વાક્યોમાં આખા ગ્રંથનો સાર સમાય જાય છે.

* બધાની બધીજ વાત સાચી અથવા તો સાવ ખોટી હોતી નથી.

* મોટા બનવું સહેલું છે પણ મહાન બનવું અઘરું છે

* દરેક માણસના મનના ઊંડાણમાં બધા મને સારો માને તેવો ભાવ હોય છે.

* કદી વિચાર્યું ? ક્યાંથી આવ્યો ? હવે પછી ક્યાં જાવું છે ?
  શું લઈને આવ્યો જગતમાં ? શું સાથે લઈ જાવું છે ?

* વિપત્તિ એ મિત્રોની વફાદારી અને સંબંધીઓના સ્નેહની કસોટી છે.

* ભૂખમરાથી ઘણા લોકો દુઃખી છે પરંતુ વધારે ખાવાથી તેના કરતાં વધુ લોકો દુઃખી છે.

* જો દર્પણ ના હોત તો..... નારી જગતનું શું થાત ?

* ભાષા ઉપર ઉત્તમ પ્રભુત્વ તે ઘણું ખરું ચૂપ રહેવાની શક્તિમાં છે.

* ઠંડો કોલસો હાથ કાળા કરે છે અને ગરમ કોલસો હાથ દઝાડશે પણ... ચારિત્ર્યહીન માણસથી બધી અવસ્થામાં દૂર રહેવું.

* જે અધિકાર જમાવવા જાય છે તે ધિક્કાર ને પાત્ર બને છે.

# લલિતચિંતન

* માણસો કરતાં વાહનો રસ્તા પર વધી જાય ત્યારે માનવતા ઘટી જાય છે.

* અહિંસાનો કુમળો છોડ કેવળ નિરભિમાની હૃદયમાં ઊગી શકે છે.

* જો હિરો અને સોનું પોતપોતાના આકાર રાખવાનો દુરાગ્રહ કરે તો વીંટી ન બની શકે.

* 'પ્રવેશબંધ' No Entry નો અર્થ એ નથી કે તમને આગળ વધવાની મનાઈ છે પણ એનો અર્થ એ છે કે તમારે લક્ષ સ્થાળે પહોંચવાનો સાચો રસ્તો બીજો છે.

* વાસ્તવિકતાનો સ્વીકાર એ જીવન જીવવાનું પ્રથમ પગથિયું છે.

* ખોટા રૂપિયાને કોઈ સાચવતું નથી, તેમ ખોટા માણસને કોઈ સંઘરતું નથી.

* માલિક કોણ ? ઘોડો કે ઘોડેસવાર ? ઈન્દ્રિયો કે મન ?

* અમાસ પછી પૂર્ણિમા, ઓટ પછી ભરતી અને રાત પછી પ્રભાત પ્રગટે જ છે.

* ખેડૂતને ધરતી ઉપર, બાળકને માતા ઉપર વિશ્વાસ હોય છે તેમ આપણને સર્જનહાર ઉપર વિશ્વાસ હોવો જોઈએ.

* ઓળખાણ વિના પ્રેમ નહિ પણ અનુભવ કહે છે કે પ્રેમવિના સાચી ઓળખાણ પણ શક્ય નથી.

* 'માનવી' શાને કરે છે તું ગુમાનમાં, તું તો રહે છે ભાડાના મકાનમાં !

* દાન આપતી વખતે હાથમાં શું હતું એ નહિ પણ દિલમાં શુ હતું એ મહત્વનું છે.

* મા સંતાઈ જાય છે એ હેતુથી કે બાળક એને વધારે આતુરતાથી શોધે.

# લલિતચિંતન

* બાળકની આવડતનાં ખોટાં બણગાં ફૂંકશો તો તેનો વિકાસ રૂંધાઈ જશે.

* પ્રેમ જો અંતરમાં હશે તો, એ પાંગરીને કદી પુષ્પ ખીલશે.

* મનોરથો સ્વપ્ન નહીં હશે તો, સિદ્ધિ રૂપે કાર્ય સફળ થશે.

* એક શબ્દ ઉમેરવાનો અવકાશ હંમેશા રહેતો હોય છે, પરંતુ બોલેલો શબ્દ પાછો ખેંચવાનો કદી નહીં.

* જીવનમાં પ્રગતિ કરવી હોય તો જાતને સવાલ પૂછતાં શીખો.

* પ્રેમ ઘણો કોમળ છે, સાંધા વાંધાની વચ્ચે તે ખીલી શકતો નથી.

* પુરુષો પડાવ નાખી શકે છે, પણ ઘર તો સ્ત્રી જ ઊભું કરી શકે છે.

* લાગણી મધમાખી જેવી હોય છે, મધ આપે અને ડંખ પણ આપે.

* સમાધાન સંસાર સુધારવાની સુંદર સમજણ છે.

* જીવનમાં ક્યારેક બહુ જ ગુમાવવાની સ્થિતિ સર્જાય ત્યારે હતાશ ન બનો, આવતીકાલ તો તમારી પાસે તમારી જ છે.

* સત્તા મલાઈ ખાવા માટે નહીં, પરંતુ ભલાઈ કરવા માટે હોય છે.

* રાહુ અને કેતુ, આ હું અને તું જ માણસોને જીવનમાં નડતા હોય છે.

* તમારા નામની પાછળ સ્વ લાગે તે પહેલા 'સ્વ' (આત્મા) ને સમજી લો.

* ક્રોધ બહુ સસ્તો છે પણ તેની કિંમત બહુ મોટી ચૂકવવી પડે છે.

* ધજા પવનની દિશામાં જ ફરકતી હોય છે તેમ જેના પુણ્યના ઉદય હોય તેની જ લોકો વાહવાહ કરતા હોય છે !

# લલિતચિંતન

* ખુશીની જેટલી લ્હાણી કરીશું તેટલી તે આપણી પાસે વધારે આવશે.

* જીવનની જરૂરિયાતો વધી એટલે દુઃખ વધ્યુ તેમ સમજવું.

* વિચાર્યા વિનાની વાણી, પાણીમાં કરેલ લખાણ જેવી છે.

* ન ધરા સુધી, ન ગગન સુધી, નહિ ઉન્નતિ, ન પતન સુધી, આપણે તો જવું છે બસ એકમેકના મન સુધી.

* જે મનમાં વેર ઊભું કરે છે એની જિંદગી ઝેર બની જાય છે.

* જે વસ્તુ તુરંત મળી જાય છે તે મૂલ્યવાન પણ સસ્તી બની જાય છે.

* સદ્‌ગૃહસ્થ તરીકે જન્મવું તે એક અકસ્માત છે પરંતુ સદ્‌ગૃહસ્થ તરીકે મરવું તે એક સિદ્ધિ છે.

* હૃદયના ઊંડાણમાં પડેલી લાગણીઓનું કોઈ વ્યાકરણ કે ભાષા હોતી નથી.

* પ્રેમ માલિકી ભાવમાં નહીં, પરંતુ સમર્પિત ભાવમાં રહ્યો છે.

* જો તમે ચાલવાનું બંધ કરશો તો 'મંઝિલ' ક્યારે પણ નહિ આવે.

* બધીજ વાતો યાદ રાખે તેને સારી સ્મરણશક્તિ કહેવી ? કે નકામી વાતો ભૂલી જતાં આવડે તેને કહેવી ?

* મૂર્ખ માણસો ડાહ્યા માણસો પાસેથી જે જ્ઞાન મેળવે છે તેનાં કરતા અધિક જ્ઞાન ડાહ્યા માણસો મૂર્ખ માણસો પાસેથી મેળવે છે.

* 'ચિંતન' વિનાનો દિવસ, સુગંધ વિનાના ફૂલ જેવો નકામો ગણવો.

* હળવાશથી કહો તો કોઈ સાથે કડવાશ નહિ થાય.

# લલિતચિંતન

* સામો થાય 'આગ' તો તું થાજે પાણી, આ છે વીરપ્રભુની વાણી.

* પશ્ચાતાપ માનવીને પવિત્ર બનાવે છે, જ્યારે ક્ષમા માનવીને મહાન બનાવે છે.

* ખોટું બોલનારને ક્ષમા માંગવાનો અવસર પણ ઓછો આવે છે.

* ગુસ્સો માણસની આંખ મીંચાવી દે છે અને મોઢું ખોલાવી નાખે છે.

* રોષ અને રીસ, ક્ષમાનાં માર્ગમાં બે અવરોધક તત્વો છે.

* જાતને સાફ કરો, અન્યને માફ કરો.

* હા ! પસ્તાવો, વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે. પાપી તેમાં ડૂબકી દઈને, પુણ્યશાળી બને છે.

* બીજાની ભૂલનો નાનો કાણો ડાઘ આપણને નજરે પડે છે, પરંતુ આપણા કાળાકોટ માટે કશું થતું નથી !

* સંબંધોને સ્નેહથી ખીલવવા પ્રેમનું પાણી પાતા રહેજો.

* ચિંતન, વેરઝેરનાં વાવાઝોડામાં પથદર્શકનો દિપક બની જાય છે.

* અંતરમાં નિહાળો તો આનંદ... અને બહાર જુઓ તો આક્રંદ !

* આપણા માટે બીજાના વિચારોને ટીકા ન ગણી શકાય.

* કાર્ય કરનારને પરવા થી હોય અંજામની,
  રોજ ઉપવનમાં સેંકડો ફુલો ખીલી ખરી જાય છે !

* પૃથ્વી પર માનવ રડતો જન્મે છે, ફરિયાદો સાથે જીવે છે અને ખબર નથી કેવી રીતે મૃત્યુ પામે છે.

* રોગ કરતાં એનો ભય ઘણો મોટો હોય છે.

# લલિતચિંતન

* કેવા કુળમાં જન્મ લેવો તે આપણા હાથમાં નથી, પરંતુ કેવું બનવું તે આપણા હાથમાં છે.

* અંતર્મુખી બન્યા વગર અંતરયામીની પિછાણ નહીં થાય.

* મનના ઘોડાને 'ચિંતન' ની લગામ કાબૂમાં રાખી શકે છે.

* અહિંસા એ ધર્મનો પાયો છે તો ક્ષમા એ ધર્મનું શિખર છે.

* શ્વાસ વિના જો જીવન નથી તો ક્ષમા વિના જીવનમાં પ્રસન્નતા નથી.

* ક્રોધ તો મફતમાં ક્ષણવારમાં મળે છે, જ્યારે ક્ષમા જ્ઞાન સાધનાથી મળે છે.

* સર્વને ટૂંકા ગજથી માપવાની શી જરૂર ? અન્યને નાના ગણી મોટા ગણાવાની શી જરૂર ?

* તારી પગદંડી અલગ પાડી શકે છે તો, કોઈનાં પગલાની રેખા ભૂંસવાની શી જરૂર ?

* રૂમાલ આંખના આંસુ લૂછે છે, જ્યારે ક્ષમા આંસુનું કારણ પૂછે છે.

* ક્ષમામાં પ્રકાશ છે, વેરમાં અંધકાર છે, ક્ષમામાં સાંધો છે, વેરમાં વાંધો છે.

* પોતાની ભૂલનો એકરાર કરનાર અન્યને જલદી ક્ષમા આપી શકે છે.

* મોતીની માળાના મણકા તૂટી જાય તો પરોવી શકાય, પણ મનના મણકાનું શું ?

* અહંકારના ત્યાગ વગર ક્ષમાના માર્ગે જવું અશક્ય છે.

* રીસાઈ જનાર નાનો હોય શકે... જ્યારે મનાવનાર તો હંમેશા મોટો જ રહેવાનો.

# લલિતચિંતન

* જીવનનું ઘડતર 'ચિંતન' ના વિચારોના ચણતરથી બને છે.

* કહું કહેવાને આવ્યો છું હું કરગરવા નથી આવ્યો.
  બીજાની જેમ જીવન અનુસરવા નથી આવ્યો.
  હે દયાસાગર ! હવે મુજને તારામાં સમાવી લે
  હું તો આવ્યો છું ડૂબવા તારામાં, તરવા નથી આવ્યો.

* ચીજ બગડે તો પાલવે પણ ચિત્ત બગડે તે ન જ પાલવે.

* દરરોજ ફક્ત પાંચ મિનિટનું સંકલ્પબળ ને તેની સાધના વ્યક્તિનું જીવન બદલી શકે છે.

* સ્વપ્ન સાકાર કરવાનો શ્રેષ્ઠ ઉપાય..... જાગી જવું અને કામે લાગી જવું.

* લાંચમાં લાખો અપાય છે જ્યારે મંદિરમાં પરચુરણ ધરાય છે..... વાહ રે માનવ વાહ.....

* સદાચારહીન માણસ સેલ વગરની ટોર્ચ જેમ નકામો છે.

* મોક્ષ માર્ગ પોતાના દોષો જોવાથી મળે છે બીજાના નહિ.

* આજના દિવસ જેવી મૂલ્યવાન ચીજ બીજી કોઈ નથી.

* બે દુઃખ વચ્ચેના ટૂંકા ગાળાના વિરામને 'સુખ' કહેવાય છે.

* ઈશ્વરનું સ્મરણ કરવું સહેલું છે પરંતુ સંસારનું સ્મરણ કરવું મુશ્કેલ છે.

* હે પ્રભુ.... તમે તો માનવી ખાતર રચી છે આ દુનિયા
  પરંતુ અહીં તો માનવીને માનવી પસંદ નથી.

* મૌનનો એક અર્થ સંમતિ થાય છે અને બીજો એ કે કોઈએ તમને સાંભળ્યા નથી.

# લલિતચિંતન

* 'ચિંતન' નાં સુવિચાર આત્માનું વિટામીન છે.

* આંખની ઉપયોગિતા મોતિયો આવે ત્યારે સમજાય છે.

* પ્રેમ આંખોથી નહિ પણ હૃદયથી જુએ છે તેથી જ પ્રેમ આંધળો કહેવાય છે.

* જેઓ સમજવા માગતા નથી એમને શિખામણનો કોઈ અર્થ નથી અને જેઓ સમજવા માગે છે એમને શિખામણની કોઈ જરૂર નથી.

* જે લોકો કપાળે હાથ દઈને તકની રાહ જોતા બેસી રહે છે તેના નસીબમાં આખરે તો કપાળ કુટવાનું જ રહે છે.

* તમે ભૂતકાળની વાતો કરતા થાઓ એટલે સમજવું કે તમે ષષ્ઠિપૂર્તિની નજીક છો.

* સારો તિરંદાજ એના તિરથી નહિ પણ તેના નિશાનથી ઓળખાય છે.

* મોટા બનવામાં મોટપ નથી, ઘડિયાળમાં નાનો કાંટો જ સમય બતાવે છે.

* બીજાનું બુરૂ ઈચ્છવું તે વિકૃતિ છે,
પોતાનું ભલું કરવું તે પ્રકૃતિ છે,
અન્યનું ભલું કરવું તે સંસ્કૃતિ છે.

* પરિણિત જીવન એ માનવની મોટામાં મોટી પ્રયોગશાળા છે.

* પહેલા ધંધો છોડી દેશસેવાના કામમાં લોકો કુદી પડતા જ્યારે આજે દેશસેવાને લોકોએ ધંધો બનાવી દીધો છે.

* જે પોતાને સુખી માને છે તે ખરેખર સુખી હોય શકે પણ જે પોતાને ડાહ્યો માને છે તે મહાન મૂર્ખ હોય છે.

# લલિતચિંતન

* જૂઠું બોલનારો માણસ, કોઈને સાચા માની શકતો નથી.

* સુંદર આકૃતિ બનાવ્યા પછી, તેના ઉપર રંગ ઢોળી નાખવો તેનું નામ ક્રોધ.

* ૨૨ હજારનું ફ્રીજ, ૨૦ હજારમાં ખરીદવાથી, ૨ હજારની રકમને આપણે બચત ગણીએ છીએ ! પરંતુ ૨૦ હજાર ગયા તેનું શું ?

* હું કંઈ જાણતો નથી એ જાણવા માટે તો ઘણું બધું જાણવું પડે છે.

* નિષ્ફળતા એટલે ફરી એકવાર પ્રયત્ન કરવાની તક.

* સુખી થવું તો બહુ સહેલું છે, પરંતુ માણસને તો બીજાઓ કરતાં વધારે સુખી થવું છે એટલે જ તે દુઃખી થાય છે.

* મોટા માણસની ભૂલને 'અનુભવ' કહેવાય, જ્યારે નાના માણસની ભૂલને 'મૂર્ખાઈ' કહેવાય !

* હોટલનું 'મેનુકાર્ડ' વાંચવાથી પેટ નથી ભરાતું, તેમ મહાત્માઓના વચનો વાંચવાથી કાંઈ ન વળે, તેને જીવનમાં ઉતારવા જોઈએ.

* મંદિરની જે મૂર્તિના દર્શન માટે આપણને અત્યંત તાલાવેલી હોય છે, તે નજર સમક્ષ આવતાં આંખ બંધ થઈ જાય છે !

* યાદ કરવાં કરતાં ભૂલવું અતિ દુષ્કર છે.

* બુદ્ધિ સિમેન્ટ જેવી છે, તેમાં લાગણીનું જળ ભળે છે ત્યારે જ સંસાર મજબૂત બને છે.

* નકામા ના કહી અજ્ઞાની ને, સમજો અરે જ્ઞાની !
કિંમત 'કંચન' તણી તો પથ્થર આંકી આપે છે.

* સર્વત્ર કાળા પડછાયા દેખાતા હોય, એનો અર્થ એ કે ક્યાંકથી પ્રકાશ આવે છે.

# લલિતચિંતન

* નિરાશા એ જ નાસ્તિકતા છે.

* જેને કામ કરવાની ધગશ હોય છે તેને ઈશ્વર શક્તિ આપી દે છે.

* જીવનમાં સ્વાર્થ ન હોત તો, દુઃખ પણ કદાપિ ન હોત !

* રાગ-દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ,
  થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ

* સ્વદોષ દર્શન છે અતિ દુર્લભ.

* સંસારના માનેલા બધા સુખોના સરવાળાનો જવાબ દુઃખ હોય છે.

* દુઃખ દેખી કરવું નહિ, કરવો નહિ કલ્પાંત,
  કર્મયોગથી થાય તે, સહન કરવું થઈ શાંત.

* આખી દુનિયાને બદલી નાખવાનો સરળ રસ્તો એ છે કે પોતાની જાતને બદલી નાખવી.

* દરેક મનુષ્ય સ્વભાવની એક ઊંડી અપેક્ષા હોય છે કે : તેની બધા પ્રશંસા કરે.

* જન્મ વખતે ગળથૂથી અને મૃત્યુ ટાણે ગંગાજળ - આ બે વચ્ચેનો સમય તે.... જીવન.

* ભયથી બાળકો તાબામાં જ રહે છે, પણ પ્રેમથી તે વશ થઈ જાય છે.

* ગાડી કે બસ નો ડ્રાઈવર રાતના જાગતો રહેશે જ એ શ્રદ્ધાએ બધા નિરાંતે સૂઈ જતા હોય છે.

* તંદુરસ્તીની કિંમત માંદગી વખતે સમજાય છે.

* બીજાની સાથે ઓળખાણો કરવામાં, માનવી પોતાને જ ઓળખતો નથી.

# લલિતચિંતન

* તું જ તારા દિલનો દીવો થા !

* સુખનું નિર્માણ કરવું હોય તો, દુઃખ નિર્વાણ કરતાં શીખવું પડશે.

* ઘડાને પાણીથી ભરવા માટે નદીમાં નમવું પડે છે તેમ નમ્યા વિના સદ્દગુણો હૃદયમાં આવતા નથી... નમે તે પ્રભુ ને ગમે.

* તમોને માન આપ્યું નિત, અમે વિદ્વાન જાણીને,
  પણ તમે હસતાં રહ્યાં, અમને સદા અજ્ઞાન માનીને.

* સફળતાના ગગનમાં વિહરવા માટે શ્રદ્ધા અને પુરુષાર્થની પાંખો જોઈએ.

* સૂર્યમુખી સવારે ખીલે છે રાત્રે નહિ. ચંદ્રમુખી રાત્રે ખીલે છે સવારે નહિ પરંતુ અંતર્મુખી કાયમ ખીલેલી અવસ્થામાં હોય છે.

* રોજ બરોજના જીવનમાંથી ઈગો (EGO)... જો ઈ.....ગો (GO) થઈ જાય તો વ્યક્તિનો બેડોપાર થઈ જાય.

* આજે શિક્ષણ વધ્યું છે પરંતુ સંસ્કાર ઘટ્યા છે.

* ઘેરી લે છે કંટકો ગુલાબને, કે આંચ આવે ન કશી તેની સુવાસને !

* દરેક બાળક એ સંદેશો લઈને જન્મે છે કે...
  ઈશ્વર હજી માણસ જાતથી નાહિંમત થયો નથી.

* વાંચન જેટલું બીજું કોઈ સસ્તુ મનોરંજન નથી અને એના જેટલો કોઈ મોંઘો આનંદ નથી.

* જીવનનું સુંદર રીતે આયોજન કરવું હોય તો તેનું પ્રયોજન સમજવું જરૂરી છે.

* જીવનનો સાચો આનંદ માણવો હોય તો... પૈસાથી ખરીદી ન શકાય એવી બાબતોની યાદી બનાવો.

# લલિતચિંતન

* 'અનુભવ' એ દરેક માણસે પોતાની 'ભૂલ' ને આપેલું નામ છે.

* સંજોગો ન સુધરે તો..... આપણે સુધરવું જોઈએ.

* જે કરી શકે છે તે કરે છે, જે નથી કરી શકતો તે 'શિખામણ' આપે છે.

* 'સુખી' લગ્ન જીવન કરતાં વધુ મોટો મહિમા 'આનંદી' લગ્ન જીવનનો છે.

* સુધરતા જાય છે લોકો, બગડતી જાય છે દુનિયા,
  ખબર પડતી નથી આ તો, સડો છે કે સુધારો !

* 'સ્મરણ' એ મિલનનું એક સ્વરૂપ છે.

* હાજરીમાં જે તમારાથી ડરે છે એ ગેરહાજરીમાં તમને ધિક્કારતો હશે.

* સાચા પ્રેમમાં બદલાની અપેક્ષા હોતી નથી.

* 'જન્મકુંડલી' કરતાં 'કર્મકુંડલી' તપાસશો તો પરિસ્થિતિનો ઉકેલ આવી જશે.

* આપણે ક્ષણમાં જીવીએ છીએ, બીજી ક્ષણ આવે ત્યારે પહેલી ક્ષણ ચાલી ગયેલ હોય છે.

* સારું કામ કરી શકો તો કરો, પણ કોઈના સારા કાર્યમાં નડતર ન બનો.

* હમ તો અકેલે હી ચલે થે જાની એ મંઝિલ,
  લોગ આતે ગયે ઓર કારવાં બનતા ગયા.

* 'કરુણા' એ એવી ભાષા છે જે આંધળાઓ વાંચી શકે છે અને બહેરાઓ સાંભળી શકે છે.

Lalit®

# લલિતચિંતન

* કર્મ ગમે તેટલું બળવાન હોય પણ ધર્મ તેનાથી વધુ બળવાન છે જેમ સમસ્ત ઘાસની ગંજીને એક અગ્નિનો તણખો ભસ્મ કરી શકે છે.

* લુહારના હથોડા જેવો છે ક્રોધ, જે એક જ ઘા એ કટકા કરે, સોનાની હથોડી જેવો છે પ્રેમ, જે હળવે હાથે વીંટી ઘડે.

* સફળતાનું તાળું પરાજયની અનુભવની ચાવીથી ઉઘડતું હોય છે.

* જે ગમે તે મળે એનું નામ 'સુખ' પણ જે મળે તે ગમે એનું નામ 'આનંદ'.

* દરેક માણસ પોતાનું આંગણું સ્વચ્છ રાખે તો આખી દુનિયા ચોખ્ખી થઈ જાય.

* ડઝન પુસ્તકો વાંચવાથી જે જ્ઞાન ન મળે, તે એક કલાકના સત્સંગથી મળે છે.

* નિષ્ક્રિયતા એટલે 'મરણ' પહેલાનું 'મરણ'

* શ્રદ્ધા અને શંકા એ બે શબ્દોની આસપાસ દરેક માણસ પોતાનું વિશ્વ રચતો હોય છે.

* વ્યક્તિને ૨૦ વર્ષ સુધી સૌંદર્ય, ૩૦ વર્ષ સુધી વિદ્યા, ૪૦ વર્ષ સુધી પરિવાર, ૫૦ વર્ષ સુધી ધન, ૬૦ વર્ષ સુધી કીર્તિ પ્રાપ્ત ન થાય તો તે કદી પામી શકશે નહિ, એટલે તેની માથાકુટ મૂકી દેવી જોઈએ.

* પહેલા આંસુ આવતા ત્યારે 'મા' યાદ આવતી હતી, હવે 'મા' યાદ આવે છે અને આંસુ આવી જાય છે.

* વ્યક્તિ જ્યારે સત્તાની ખુરશી પર બેસે છે, ત્યારે એનો અહમ્ 'ઠેકડા' મારવા લાગે છે.

# લલિતચિંતન

* પછાડી નાખે તેવા ઘોડા કરતાં સામાન ઊંચકતો રહે તેવો ગધેડો સારો.

* હું સુખી થાઉં અને બીજાં ભલે દુઃખી થાય તેવી વૃત્તિ દાનવની.
  હું સુખી થાઉં અને બીજા પણ સુખી થાય તેવી વૃત્તિ માનવની.
  હું દુઃખી થાઉં અને બીજા ભલે સુખી થાય તેવી વૃત્તિ મહાત્માની.

* જ્યાં સુધી સંસ્કૃતિ છે, ત્યાં સુધી માનવીનો દંભ ચાલુ જ રહેશે.

* મલિન વસ્ત્રોને ધોબીના હાથે પથ્થર પર ઝીકાવાનો ભય હોય છે, સ્વચ્છ વસ્ત્રોને નહિ.

* ઉકરડો બનાવવો સહેલો છે, અઘરૂ કામ તો ઉદ્યાન બનાવવાનું છે.

* પૈસો પોતે બૂરી ચીજ નથી - તેનું પ્રાપ્તિ સ્થાન તથા ઉપયોગ ભલો-બૂરો હોય છે.

* જીભ કોમળ છે તેથી કાયમ ટકી શકે છે જ્યારે દાંત કઠોર છે તેથી મોડા આવે છે છતાં વહેલા જતાં રહે છે.

* 'અક્કલ' એવું નામ કે જેમાં 'બુદ્ધિ' વાપરવી ન પડે.

* 'નથી' ની ચિંતા છોડો તોજ 'છે' નું સુખ માણી શકશો.

* 'પ્રેમ' એક વ્યક્તિમાં પુરાઈ જાય છે ત્યારે તે 'વાસના' બની જાય છે.

* કોઈ પણ હોદ્દો જહોજલાલીનું નહિ, પરંતુ જવાબદારીનું પ્રતિક છે.

* સંસ્થાઓની મિટીંગમાં કલાકો વેડફાયા પછી તેની મિનિટ્સની નોંધ લેવાય છે !

* જે માણસ માત્ર પ્રશંસાના પુષ્પો જ શોધતો ફરે છે તેણે પોતાનું સુખ બીજાના હાથમાં સોંપેલું હોય છે.

# લલિતચિંતન

* ચારિત્ર્ય પાછું મેળવવા કરતાં તેનું રક્ષણ કરવું વધારે સારું છે.

* જે 'સ્વ' માં સ્થિર થાય છે તે જ 'સ્વસ્થ' રહી શકે છે.

* દરેક જણ આખી માનવજાતને સુધારવાનું વિચારે છે પણ.....
પોતાની જાતને સુધારવાનું ભાગ્યે જ વિચારે છે.

* ખોટું બોલતા શીખવું પડે છે, જ્યારે સત્ય કુદરતી બોલાય જાય છે.

* શ્રદ્ધાનો હો વિષય ત્યાં પુરાવાની શું જરૂર ?
કુરાનમાં તો ક્યાંય પયગંબરની સહી નથી.

* જિંદગી જીવવાની ફિલસૂફી : 'રોજ એક જ દિવસની ચિંતા કરો'.

* સદાચાર એટલે પ્રભુ સમીપ લઈ જનારો આચાર.

* માણસ પાસે જે છે એ માણવા માટે તેની પાસે જરાપણ સમય નથી, પણ જે નથી તેની યાદી બનાવવાનાં વિચારોમાં કલાકો વેડફે છે.

* પોતાનામાં આસ્થા ન જન્મે ત્યાં લગી, ઈશ્વર પ્રત્યે આસ્થા કદી જન્મી ન શકે.

* કહ્યા વિના સઘળુંય સમજી જાય એવા સગપણ આજે ભાગ્યે જ જોવા મળે છે.

* દુઃખ એ આત્માનું વિટામીન છે, તે આત્મબળ વધારે છે.

* માનવી ડાહ્યો બનવા કરતાં ડાહ્યામાં ખપવા માટે વધુ મહેનત કરતો હોય છે.

* સદ્‌ગુણો શિસ્તમાંથી પ્રગટે છે, વર્ષાની જેમ આકાશમાંથી વરસતાં નથી.

* ભાગ્યને ભરોસે બેસી રહેનારનું ભાગ્ય પણ બેસી રહે છે.

# લલિતચિંતન

* મનુષ્ય જીવનનું સરવૈયું ઉંમરનો સરવાળો નથી પણ ગુણોનો ગુણાકાર છે.

* પ્રેમમાં પડવાનું ન હોય, તેમાં તો ઉત્તરોત્તર વૃદ્ધિ કરવાની હોય.

* ચારિત્ર એ એક જ વૃક્ષ છે, જ્યારે પ્રતિષ્ઠા તેની છાયા છે, વૃક્ષ હશે તો જ છાયો હોઈ શકે.

* ચઢાણ હંમેશા તકલીફદાયક હોય છે, પછી તે પર્વત હોય કે મન, તેથી જ તળેટીમાં બહુમતી હોય છે, ટોચે તો વિરલા જ પહોંચે છે.

* ધનને આપણે સાચવવું પડે છે જ્યારે ધર્મ આપણને સાચવે છે.

* ગુજારે જે શિરે તારે, જગતનો નાથ તે સહેજે,
  ગણ્યું જે પ્યારું પ્યારા એ, અતિ પ્યારું ગણી લેજે.

* સાચી શ્રીમંતતા તો દિલની હોય છે, વસ્તુઓના સંચયની નહિ.

* બીજાના દોષો જોવાથી પોતામાં ગુણો પ્રગટ થતાં નથી.

* યાદશક્તિનો નિયમ : જે કાર્ય યાદ આવે ત્યારે જ કરી લેવું, ભૂલી ગયા પછી તો તે થઈ શકતું જ નથી.

* આજના યુગમાં ઘરમાં ટી સેટ, ડીનર સેટ, સોફાસેટ, ટી.વી.સેટ છે, જ્યારે ઘરમાં રહેવાવાળાં અપસેટ છે.

* પ્રાર્થના એટલે ફરી ફરી વિનવણી કરવી એમ નહિ પરંતુ પરમાત્મા સાથે ગોઠડી છે.

* 'દિવસના ૨૪ કલાક' બધા માટે સરખા છે, પરંતુ તે દરમ્યાનનો સમય સરખો નથી.

* રાતની સાથે દિવસની જેમ દરેક સમસ્યાની સાથે એનો ઉકેલ નક્કી હોય છે.

# લલિતચિંતન

* અનંતની યાત્રામાં આપણું જીવન એક આંખના પલકારા જેવું છે.

* સફળતાની સીડીને લિફ્ટ નથી હોતી, તેના પગથિયા ચઢવા પડે છે.

* મુક્તિની ઝંખના એ જાગૃતિનું લક્ષણ છે.

* માણસનો પોતાનો પડછાયો પણ અંધકારમાં સથવારો આપતો નથી.

* બીજાનાં દુઃખમાં ભાગીદાર બનીએ એજ ઉત્તમ ધર્મ છે.

* દરેક 'અસંતોષનું' કારણ સરખામણી હોય છે.

* પ્રતીક્ષા અને ધીરજ હંમેશા એકમેકની સ્પર્ધા કરતા હોય છે.

* માર્ગમાં જે જે મળે તેને હૃદયનું વ્હાલ ધરીએ, ખબર નથી કે પછી તે વ્યક્તિ ફરી મળે કે ન મળે.

* મન શું છે ? આ પ્રશ્ન પૂછનાર પણ મન છે અને જવાબ આપનાર પણ મન છે.

* ખિલીની પાંખથી કોઈ આકાશમાં ઊડી શકતું નથી.

* કાંટા તરીકે વાગવું હોય તોયે કોઈકના પગ નીચે ચગદાવું પડે છે.

* માન્યું છે મહત્તા મોટાની, નાનાની કિંમત કાંઈ નથી.
તો ઝરણું મીઠું શા માટે ? અને સાગર ખારો શા માટે ?

* જ્યાં વ્યવસ્થાનું અસ્તિત્વ હોય છે ત્યાં જ 'સુખ' નું સામ્રાજ્ય પ્રવર્તે છે.

* દશ સ્થળે એકેક ફૂટ ખોદવા કરતાં એક સ્થળે દશ ફૂટ ખોદવાથી પાણી મળી શકશે.

* સ્વાર્થના સહુ સગાં છે, પણ સ્વાર્થીનું કોઈ સગું હોતું નથી.

* આનંદની તો ફક્ત ક્ષણો હોય છે, તેને શોધી કાઢવાની કળા શીખવી જોઈએ.

# લલિતચિંતન

* મિત્રતા એ હૃદય વૃંદાવનનું અમૃત ફળ છે.

* કમળનું ગૌરવ વધે તે માટેની પૂર્વ શરત કાદવનું અસ્તિત્વ છે.

* જે મસ્તી હોય છે આંખોમાં તે સુરાલયમાં નથી હોતી.
  જે મસ્તી હોય છે અંતરમાં, તે મહેલોમાં નથી મળતી,
  શીતળતા મેળવવા ને શાને દોડે છે માનવી,
  જે માતાની ગોદમાં હોય તે હિમાલયમાં નથી હોતી.

* હૃદય એકીકરણ કરે છે જ્યારે બુદ્ધિ પૃથ્થકરણ કરે છે.

* દુનિયાએ નહિ પણ આપણે બદલાવું પડે છે.

* જીવન સંધ્યા તરફ જતાં ડરશો નહિ, મૃત્યુ એ તો દિવસ પછી રાત્રે કરાતો આરામ છે.

* ખરા હૃદયના પ્રેમને વાચા નથી હોતી, તે અંતઃકરણથી અનુભવાય છે.

* જેનો 'આગ્રહ' ગયો તેને એકેય ગ્રહ નડે નહિ.

* 'ડીગ્રી' નોકરી મેળવવાનો પાસપોર્ટ છે, પરંતુ જીવનમાં સફળતાની ખાતરી નથી આપતી.

* સૂર્ય ઊગીને પ્રકાશ આપે છે, ફૂલ ખીલીને સુવાસ આપે છે,
  પણ... 'માણસ' જીવન જીવવા માટે, બીજાને ત્રાસ આપે છે.

* 'સન્માન' એ કંઈ 'Instant Coffee' જેવી ચીજ નથી, તેને મેળવવા માટે 'સમર્પણ' કરવું પડે છે.

* પગને ખંજવાળ આવે ત્યારે જોડાને ખજવાળાય નહી !

* ક્રોધ કરનારને તો શાંતિ નથી મળતી, પરંતુ તે બીજાને પણ અશાંત કરે છે.

# લલિતચિંતન

* કોઈ ભૌતિક સુખ એવું નથી કે જેની પાછળ દુઃખ ઊભું ન હોય.

* સફળ દાંપત્યજીવન, સહકાર અને સમજણ પર આધારિત છે.

* નિશાન ચૂકેલું માફ થઈ શકે પરંતુ નિશાન ન તાકનારને માફ ન કરાય.

* ભગવાનની આજ્ઞાથી જે કાંઈ કરીએ તે નિવૃત્તિ છે.

* ચારિત્ર્યના નિર્માણ માટે જીવન એ જ શાળા છે.

* તકની મુશ્કેલી એ છે કે તે આવે તે કરતાં જતી રહે છે ત્યારે મોટી લાગે છે.

* 'જીવન' તો અનંત છે, ફક્ત જીવવું મર્યાદિત છે.

* ઊંચી નીચી ફરી રહે, જીવનની ઘટમાળ,
  ભરતી તેવી ઓટ છે, ઓટ પછી જુવાળ.

* નમ્રતા વિનાનો માણસ પાણી વગરની નદી જેવો છે.

* નાના બાળકો રડીને બીજાની પાસેથી વસ્તુ મેળવે છે, જ્યારે મોટા લોકો બીજાને રડાવી મેળવે છે.

* જીવનમાં નિરાશા દૂર કરવા સારા વિચારો અને પુસ્તકોનો સંગ જરૂરી છે.

* જે ભણી ચૂક્યા ને ભૂલી ગયા પછી જે બાકી બચ્યું એનું નામ શિક્ષણ

* માથે સગડી લઈને ના ફરો, કોઈને તાપણું કરવું નથી !

* આપણે ગતિ નહિ પરંતુ પ્રગતિ કરવાની છે.

* જે તમારામાં ગુસ્સો પ્રેરી શકે છે એ તમને જીતી જાય છે.

# લલિતચિંતન

* જો તમારા સુખ માટે ઘણી ચીજો અનિવાર્ય હોય તો તેવું સુખ તમને કદી મળવાનું નથી.

* જરા હસતાં રમતાં જીવો, જગત બદલાય જશે, અને જો..... શિરે ભાર લઈ ફરશો તો જીવન કરમાય જશે.

* સંત અઘરી વાત સરળ કરે છે, જ્યારે વિદ્વાન સરળ વાત અઘરી કરે છે.

* એ હવા ! ક્યાંય તારી સખાવતની નિશાની નથી...તને સલામ...!

* સીડી ગમે તેટલી ઊંચી હોય તે ઊંચે પૂરી થઈ જાય છે.

* ઈશ્વરને મંદિર કરતાં મનુષ્યનું હૃદય પસંદ છે, કારણકે મંદિરમાં માણસનું ચાલે છે જ્યારે હૃદયમાં ઈશ્વરનું ચાલે છે.

* માનવીનું મન એ જ બંધન અને મોક્ષનું કારણ છે.

* આપણા પ્રત્યેક શ્વાસમાં મૃત્યુની ઘંટડી વાગતી હોય છે.

* હક્કની વાત કરતાં પહેલા જવાબદારી ની સમજ જરૂરી છે.

* અરિસો બહુ સ્પષ્ટ વક્તા છે, ખાસ કરીને ગુસ્સો આવે ત્યારે તેની સામે ઊભા રહી જવું એટલે માર્ગદર્શન મળી જશે.

* વિચાર અને આચાર વચ્ચેનું અંતર ઘટાડવા સત્સંગ જરૂરી છે.

* આપણે કદી વિચાર કર્યો છે કે.... જો બીજા કરી શકે તો હું શા માટે ન કરી શકું ? વિચારથી જ બળ વધે છે.

* સર્વત્ર અંધકાર છે, માટે તમેજ તમારા પ્રકાશ બાળો.

* તક બરફ જેવી હોય છે, ઝડપવાનો વિચાર કરવા જતાં જ ઓગળી જાય છે.

# લલિતચિંતન

* વખત સર્વ રોગનો ઉત્તમ ઈલાજ છે.
* રખોપા રામના હોય તેને કોણ કાંઈ કરી શકે ?
* ગાંડા માણસોને પોતાની જાત ઉપર વિશ્વાસ હોતો નથી.
* ઠગ સાથે ઠગ બનવાથી આપણું અસ્તિત્વ ગુમાવી બેસીએ છીએ.
* મળી છે જીવનમાં જેટલી પળો તે ચાલો સાથે આનંદથી માણી લઈએ.
* તમે ધર્મને કેટલો જાણ્યો તેના કરતાં કેટલો પાળ્યો એ વધારે મહત્વનું છે.
* 'કમિશન' ના આ જમાનામાં જીવનને મિશન બનાવવું અઘરું છે પણ અશક્ય નથી.
* હાસ્ય એ જીવનનાં કાંટાળા પંથને સરળ માર્ગ કરી આપતું સાધન છે.
* હે પ્રભુ ! આ જગતને સુધારજે અને તેની શરૂઆત મારાથી કરજે.
* આપત્તિને આવકારવાની કળા અધ્યાત્મ શીખવાડે છે.
* પ્રભુની પ્રાર્થના એ કોઈ યાચના નથી, એ તો આત્માની સાચી પુકાર છે.
* સુખ મનવાંછિત વસ્તુની પ્રાપ્તિમાં નથી, પરંતુ આપણી પાસે જે સાધનો છે એ પૂરતાં છે એમ માનવામાં છે.
* જીવન આપણું હોય અને સર્ટિફિકેટ બીજાનાં હોય એ તો આપણે કોઈકના ટેકાથી ચાલતા હોઈએ એના જેવું છે.
* કહો નહિ કે નબળા પત્તા મળ્યા અમારે હાથ છે,
  કળા શીખી લો રમવાની તો જીત તમારી સાથ છે.

# લલિતચિંતન

* હક્કની વાત કરતા પહેલાં જવાબદારીની સમજ જરૂરી છે.

* નમ્રતાથી પ્રગતિના દરેક દ્વાર ખૂલી શકે છે.

* દાન, દયા, સરળતા અને ક્ષમા જેવા દૈવી ગુણો જીવનમાં હોવા જોઈએ.

* સફળતા કે નિષ્ફળતાનો આધાર આપણા મનોબળ ઉપર હોય છે.

* કર્મફળ ત્યાગ કરીને બધા કર્મો કૃષ્ણાર્પણ કરીએ.

* રટણ રામનામનું હંમેશા આત્માના ઊંડાણથી આવવું જોઈએ.

* મકાન હાથ વડે બંધાય છે, પરંતુ ઘર હૃદયવડે બંધાય છે.

* ચંદનનું લાકડું તેનો સુવાસભર્યો સ્વભાવ ક્યારેય છોડતો નથી.

* ગાંધી વંદના સાચી ત્યારે જ કહેવાય કે જ્યારે સત્ય અને અહિંસા આચરણમાં આવે.

* દરરોજ રાત પછી સવાર થતી જ હોય છે, તો નિરાશા શા માટે ?

* ધીમું બોલો, થોડુ બોલો, સાચુ બોલો અને મીઠું બોલો.

* નિરંતર આનંદની આરાધના એ જ જીવનની સાચી સાધના છે.

* એક ઈશ્વર જ પૂર્ણ છે, કોઈ મનુષ્ય કદી પૂર્ણ હોતો નથી.

* રજનું ગજ કરવું તે નરી મૂર્ખાઈ છે.

* પરમેશ્વર સત્ય છે, એમ કહો કે 'સત્ય એજ પરમેશ્વર છે' તે બન્ને એક છે.

* મીથ્યા અભિમાન અધોગતિની નિશાની છે.

* પૈસાની કિંમત જાણવી હોય તો કોઈક પાસે માંગી જુઓ.

# લલિતચિંતન

* લક્ષ્મીની સફળતા એનો સંગ્રહ કરવામાં નહિ પરંતુ એનો સદુઉપયોગ કરવામાં આવે છે.

* આપણે જે છીએ તે ઈશ્વરની ભેટ છે પણ આપણે જે બનીએ છીએ તે આપણે ઈશ્વરને આપવાની ભેટ છે.

* સખત મહેનત અને કઠોર પરિશ્રમ ગમે તેવી વિકટ પરિસ્થિતિ બદલાવી નાખે છે.

* જ્યારે પડછાયો લાંબો થવા લાગે ત્યારે સમજો કે સૂર્યાસ્ત નજીક છે.

* ઈચ્છિત વસ્તુ મેળવવામાં સુખ સમાયેલું નથી, પરંતુ તમારી પાસે જે સુવિધાઓ છે એ પૂરતી છે એમ સમજવામાં સુખ સમાયેલું છે.

* 'સ્વદોષ દર્શન' એ ગુણોનો રાજા છે, એ જ ધર્મનો એકડો છે બાકી બધા મીંડા છે, એકડા પછી જ મીંડાની કિંમત વધે.

* શ્રદ્ધા એટલે આચરણમાં મૂકવા લાયક પ્રેમ.

* જ્યારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે,
ત્યારે પ્રથમ ગઝલની રજૂઆત થઈ હશે.

* માળા ફેરવવી એ તો ગણત્રીની વેઠ છે, એનું રટણ તો આઠે પહોર હોવું જોઈએ.

* નિવૃત્તિ એટલે પ્રવૃત્તિનું પરિવર્તન.

* બુદ્ધિના તિક્ષ્ણ માણસો ઘણા મળશે, પરંતુ હૈયાના સરળ વિરલા જ હોય છે.

* જગતને જિંદગીભર સમજ્યા, ચાલો હવે આપણી જાતને સમજીએ.

* અહમ્ તાડ જેવો છે તેના પરથી પડી જવાય જ્યારે વિનય વાટ જેવો છે પડવાનો ભય જ નહિ.

# લલિતચિંતન

* મરણ પછી જેનું સ્મરણ રહે તેનું જીવન ધન્ય માનવું.

* પોતાના વિકાસ કે વિનાશનો જવાબદાર માણસ પોતે જ છે.

* સફળતાનો થાક ક્યારેય લાગતો નથી.

* 'સલાહ' એ એક એવી બેન્કનો ચેક છે કે જે બેન્કમાં એ ચેક આપનારનું ખાતું જ હોતું નથી.

* જીવન જીવવા માટે સુખ-સગવડની નહિ, પરંતુ પ્રેમ અને લાગણીની જરૂર વધુ હોય છે.

* દિલાસો આપનારાઓએ મારું ધ્યાન દોર્યું છે, નહિ તો હું દુઃખી છું એની મુજને તો ખબર જ ન હતી !

* જો ઈચ્છા જ કરવી હોય તો..... 'મને કોઈ ઈચ્છા ન થાઓ' તેવી ઈચ્છા કરો.

* કર્તવ્ય પાલનમાં નિષ્ઠા અને જાગૃતિ બહુ જરૂરી છે.

* મિલનની કોઈ કુંડલી એવી નથી હોતી કે જેમાં વિરહનો ગ્રહ ન હોય

* મુસાફરિયાઓ તકવાદી હોય છે અને એટલે જ તકલાદી હોય છે.

* 'પર' માંથી ખસ અને 'સ્વ' માં વસ - એટલું જ બસ.

* જગતમાં તમારો કોઈ મિત્ર નથી કે શત્રુ નથી, તમારું વર્તન જ મિત્ર કે શત્રુ બનાવવામાં જવાબદાર છે.

* જે આપણે 'નથી' તે 'છીએ' એમ દેખાડવાનો દેખાવ કરવો તે દુઃખી થવાનો માર્ગ છે.

* પ્રશંસા માં નથી હોતી કે નિંદામાં નથી હોતી, મજા જે હોય છે 'ચુપ' માં, તે ચર્ચામાં નથી હોતી.

# લલિતચિંતન

* સારા પુસ્તકો જેવો કોઈ મિત્ર નથી.

* તકરાર અને છાશ વચ્ચે એક સામ્ય છે.....
બન્ને જેટલો લાંબો સમય રહે તેટલી ખાટી બને.

* ગુસ્સો વ્યક્ત કરવો એટલે બીજાના દોષનો બદલો પોતાની જાત પર લેવો !

* અજ્ઞાની હોવું એ શરમ નથી, પણ શીખવા પ્રત્યે ઉદાસિનતા રાખવી એ શરમજનક છે.

* જે ગરીબોને મદદ કરે છે તેને ઈશ્વર વ્યાજ સાથે પાછું આપે છે.

* જન્મ અને મૃત્યુ તો નિશ્ચિત જગતમાં થાય છે,
કેટલું નહિ, કેવું જીવ્યા ? એ જ યાદ રહી જાય છે.

* જે માણસ કોઈ બાબત માં હોશિયાર ન હોય તે બહાના કાઢવામાં હોશિયાર હોય છે.

* વિપરીત પરિસ્થિતિમાં જ માનવીની શક્તિ ખીલી ઉઠે છે.

* મિલન અને વિરહ બન્ને સિક્કાની બે બાજુઓ છે, જાણે નદીના બે કાંઠા.

* મારૂં અને તમારૂં, આપણું બની જાય તેનું નામ પ્રેમ.

* માત્ર ધ્યેય જ ઊંચુ હોય એટલું પૂરતું નથી, ધ્યેયસિદ્ધિની સાધના પણ ઊંચી હોવી જોઈએ.

* મોત ઉસકી જિસકા જમાના અફસોસ કરે,
વૈસે તો જીતે હૈં સબ મરને કે લિયે.

* બુદ્ધિનાં ક્ષેત્ર કેરા, સીમાડા જ્યાં અટકી ગયા.
તે પછીના પ્રદેશોને શ્રદ્ધા સંતો કહી ગયા.

# લલિતચિંતન

* માનવીનું જીવન એટલે સ્મિત અને આંસુ વચ્ચે લોલક !

* 'આળસ' એક એવો ખર્ચાળ ડ્રેસ છે જેને રોજ પહેરવો પોષાય નહિ.

* જૂઠ ને ખરાબ કહેવાની હિંમત નથી રહી
તેથી બધા કહે છે કે 'જમાનો ખરાબ છે'.

* ભૂલનો સ્વીકાર કરવો એ જ ખરું પ્રાયશ્ચિત છે.

* આત્મ જાગૃતિ માટે દર એક કલાકે ફક્ત એક મિનિટ
આત્મચિંતન માટે કાઢવી કે 'હું દેહ નથી પણ આત્મા છું'.

* તમે સુખી હો છતાં તમને તમારા સુખનું કારણ ખબર ન હોય
તો તમે ખરેખર સાચા સુખી છો.

* કીર્તિની ઝંખના માનવીના અધઃપતનનું પહેલું પગથિયું છે.

* આફતના વાદળાં વરસે ત્યારે એક જ બ્રાન્ડની છત્રી કાગડો
નહિ થાય..... આ બ્રાન્ડ છે 'ધીરજ'.

* જે મૌનને ગાઈ શકે એ જ મહાન 'ગાયક' છે.

* લગા શકો તો બાગ લગાના, આગ લગાના મત સીખો,
પીલા શકો તો પ્યાર પીલાના, ઝેર પીલાના મત સીખો.

* જીવનની ઈમારતને એક જ બારણું છે અને તે છે..... અનુભવ

* પ્રાર્થનાથી પરિસ્થિતિ પલટાય છે તે માનવું ભૂલ ભરેલું છે,
પ્રાર્થનાથી માનવી પલટાય છે અને પછી પોતે પરિસ્થિતિને
પલટાવે છે.

* વ્યક્તિની હયાતીમાં તેના દોષ જોવાય છે અને વિદાયબાદ તેના
ગુણ દેખાય છે.

# લલિતચિંતન

* હજાર માઈલની લાંબી સફર પણ માત્ર પ્રથમ પગલાથી જ શરૂ થાય છે.

* બસ એટલી સમજ મને પરવરદિગાર દે,
  સુખ જ્યારે જ્યાં મળે મને ત્યારે બધાના વિચાર દે.

* પડવામાં નાનપ નથી... પડ્યા રહેવામાં નાનપ છે.
  બેસી રહેનારાં કંઈ આગળ નથી વધી શકતાં.

* સુખ-દુઃખના સરવાળા માટે જિન્દગી નથી,
  જિન્દગી છે : અંધારામાં અજવાળા કરવા માટે.

* કેવું નાનું અમથું આપણું જીવન છે,
  જાણે ખીલેલા પાંદડા પરનું ઝાકળ બિન્દુ છે.

* ન રાખ આશ, કદી કોઈ પાસ,
  પછી તને કોણ કરી શકે નિરાશ....?

* કોણ કેટલું જીવે છે એ મહત્વનું નથી,
  કોણ કેવું જીવે છે એ મહત્વનું છે.

* જેમ તન ને તંદુરસ્ત રાખવા ખોરાક જરૂરી છે,
  તેમ મન ને મસ્ત રાખવા ચિંતન જરૂરી છે.

* તમે આળસને માત્ર 'આજ' આપશો,
  તો તે તમારી 'કાલ' પણ ચોરી જશે.

* સદ્‌ગૃહસ્થ તરીકે જન્મવું તે એક અકસ્માત છે,
  પરંતુ સદ્‌ગૃહસ્થ તરીકે મરવું તે એક સિદ્ધી છે.

* પહેલા સુખને સમજી લો..... પછી તેની તલાશમાં નીકળો,
  નહિતર સુખ પાસેથી પસાર થઈ જશે અને તમે
  સુખને શોધતા રહેશો.

# લલિતચિંતન

* જિન્દગી ટૂંકી છે, જંજાળ લાંબી છે માટે જંજાળને ટૂંકી કરો, જિન્દગી લાંબી લાગશે.

* પાણીનો વ્યય ન થાય તે જોઈએ છીએ તેમ વાણીનો વ્યય પણ ન પાલવે.

* બે સમયે સહી ખેલવો નહિ :
એક તમારી પાસે સંપત્તિ હોય ત્યારે અને બે તમારી પાસે સંપત્તિ ન હોય ત્યારે !

* તમારા માટે શું સારું ? અને શું ખરાબ ? એ નક્કી કરનાર તમે પોતેજ છો.

* પથ્થર પ્રતિમા બન્યો પણ પ્રતિમાને પૂજનારો પથ્થર જ રહ્યો !

* સુખ એ સ્વપ્ન છે તો દુઃખ એ મહેમાન છે, બેમાંથી એકેય લાંબો સમય રહેતા નથી.

* ધર્મની વાતો સાંભળવી કાનથી, સમજવી મનથી અને સ્વીકારવી હૃદયથી.

* પાણીનો પ્રવાહ પથ્થરને ઘસી નાખે છે તેમ સમયનો પ્રવાહ દુઃખોનો સાફ કરી નાખે છે.

* ગુણવાનને આપણે ચાહીએ એમાં વિશેષતા એની છે, પણ દોષિતને જો આપણે ચાહીએ તો એ વિશેષતા આપણી છે.

* આપણી અપેક્ષા જ્યારે વધુ હોય છે ત્યારે સામી વ્યક્તિનો સ્નેહ ઘટી ગયેલ લાગે છે.

* સુગંધને પ્રસરાવવાનું સૂચન પુષ્પને ક્યારેય આપવું પડતું નથી.

# લલિતચિંતન

* મિઠાઈઓના નામ ગણાવી જનાર કરતાં રોટલાનો ટુકડો પીરસનાર વધુ સારો છે.

* હૃદયમાં રહેલ 'હું' એ એક એવી કાંકરી છે જેનો ભાર પર્વત જેટલો હોય છે.

* સ્ત્રીના દોષો જાણવા હોય તો તેની સખી પાસે તેની અતિશય પ્રશંસા કરો.

* લક્ષ્મણ રેખામાં ન રહીએ તો કીર્તિ માયાવી મૃગ જેવી નીવડે છે.

* જે ગમે જગતગુરુ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો,
  આપણો ચિંતવ્યો અર્થ કાંઈ નવ સરે, ઉગરે એમ ઉદ્વેગ ધરવો.

* મુશ્કેલીઓ આપણને હંમેશા બળવાન બનાવે છે.

* બધી કળાઓમાં શ્રેષ્ઠ કળા છે - હળી મળીને સાથે રહેવાની કળા.

* ચારિત્ર એટલે શિસ્ત, નિષ્ઠા, પ્રેમ, સંવેદના અને કરૂણાનો સરવાળો.

* નિહાળી પેટની ગાગર અને જળથી ભર્યો સાગર.
  નવાઈ પામવા જેવું નિહાળ્યું બેઉમાં અંતર.
  મહાસાગર પૂરાય છે, મપાય છે તેનું ઊંડાણ પણ.
  નથી માપી શકાતી કે પૂરાતી આ પેટની ગાગર.

* પગ લપસે તે જખમ, પણ જીભ લપસે તો જોખમ !

* ઝઘડો કરવા માટે બીજી વ્યક્તિની જરૂર પડે છે.

* માણસ સફળતાનો યશ પોતે લે છે, જ્યારે નિષ્ફળતાનો દોષ બીજા પર નાખે છે.

# લલિતચિંતન

* ગુસ્સાના કારણો કરતાં તેના પરિણામો બહુ દુઃખદ હોય છે.

* પૈસો નહિ બચાવો તો રૂપિયો ઉધાર લેવો પડશે.

* છોડ ઉપર કાંટા પહેલા આવે છે, પુષ્પ પછી.
કૂવા ખોદતા પથ્થર પહેલા નીકળે પાણી પછી. આમ.....
કાર્ય કરવાની શરૂઆતમાં મુશ્કેલીઓ પહેલા આવે સફળતા પછી.

* વિતાવેલી જિંદગીનો સરવાળો કાર્યોથી અંકાય છે, વિતાવેલા વર્ષોથી નહિ.

* સામાન્ય માણસો ઘણીવાર સાવ અસામાન્ય કાર્યો કરી બતાવે છે.

* કમાવા કરતાં ઓછું વાપરવું કારણકે અમીર દેખાવાના ખેલમાં કેટલાય ગરીબ થઈ ગયા છે.

* એક વૃદ્ધ માણસ મરણ પામે એટલે એની સાથે એક જ્ઞાનનો ભંડાર પણ વિદાય લે છે.

* સુખી થવાનો એક અચૂક રસ્તો આ છે : અન્યને સુખી કરો.

* વિચારોનું મૂળ જનેતાનાં હાલરડામાં હોય છે.

* સંસારી દુઃખનો અંત શોધે છે જ્યારે સંતો દુઃખનું કારણ શોધે છે.

* ચાર દિવસની જિંદગીના બે દિવસ ઝંખનામાં અને બીજા બે દિવસ ઝંખના સિદ્ધ થાય તેની રાહ જોવામાં જાય છે.

* પ્રગતિ વખતે સાવચેતી અને પડતી વખતે ધીરજ રાખવી જોઈએ.

* સુખ, શાંતિ અને સાચા મિત્રોના સ્ટોર્સ ક્યાંય જોવા મળતા નથી.

# લલિતચિંતન

* રૂમાલ આંખના આંસુ લૂછે છે, જ્યારે પ્રેમ એ આંસુનું કારણ ભૂસે છે.

* ગુસ્સામાં લીધેલા કોઈ પણ નિર્ણય ક્યારેય સાચા હોતા નથી.

* જે હૃદયે કરૂણા તરછોડી, તેની કિંમત છે ફૂટી કોડી.

* 'પસ્તાવો' એવું ઝરણું છે, જે હૃદયની મલિનતા ધોઈ નાખે છે.

* ચડ્યા છો પર્વત પર, ભલે સૃષ્ટિ દેખાતી હોય;
દિલની દુનિયા જોવા તો, ઊતરવી પડશે નમ્રતાની નિસરણી.

* ઈર્ષા અને લોભમાં કાયમ અલ્પવિરામ હોય છે, તેમાં પૂર્ણવિરામ હોતો નથી.

* 'હેલ્થ ચેક-અપ' માટે ગયેલ વ્યક્તિ દર્દી બની પાછો આવે છે !

* લૉટરીમાં બધીજ ટિકિટો પર લાખ રૂપિયાનું ઈનામ હોય છે પરંતુ દરેક ટિકિટોને તે લાગી શકે નહિ !

* ચંદન કપાળને ઠંડુ કરશે, જ્યારે વંદન હૃદયને ઠંડુ કરશે.

* 'તક' ઘણાને મળતી હોય છે પરંતુ તેનો ઉપયોગ કરવાની આવડત દરેક પાસે હોતી નથી અને તે વારંવાર આવતી નથી.

* સ્વપ્નમાં મહેલ હોય કે ઝુંપડું બન્ને સરખા જ છે.

* સુખી થવું હોય તો વ્યસન, વાસના અને વહેમ થી દૂર રહેજો.

* જ્યારે તમારે કંઈ કહેવાનું ન હોય ત્યારે 'સ્મિત' જરૂર કરશો.

*With Best Compliments From:*

## Lalit Pipes & Pipes Ltd.

# PRODUCTS APPROVED BY

***Well Known Pipe Makers (IBR)***

### STANDARD INSTITUTIONS

American Petroleum Institute **(API)**
Bureau of Indian Standards **(BIS)**
Technical Development Committee **(TDC)**
Director General of Supplies & Disposals **(DGS&D)**

---

### CONSULTANTS

Chemtex Engineering of India Ltd. • Engineers India Ltd. **(EIL)**
Fact Engineering & Design Organisation **(FEDO)**
Projects & Development India Ltd. **(PDIL)**
Tata Consulting Engineers **(TCE)** • Technimont ICB Ltd.
Toyo Engineering India Ltd. **(Toyo)**
Uhde India Ltd. **(Uhde)**

---

### INSPECTION AGENCIES

Bureau Veritas Industrial Services (I) Pvt. Ltd. **(BVIS)**
Certification Engineers International Ltd. **(CEIL)**
Det Norske Veritas **(DNV)**
Llyods Register of Industrial Services Ltd. **(LRIS)**
Rail India Technical & Economic Services Ltd. **(RITES)**
SGS India Ltd. **(SGS)**
Superintendence Company of India (Pvt.) Ltd.
TUV India Pvt. Ltd. **(TUV)**

---

### OTHERS

Nuclear Power Corporation of India Ltd. **(NPC)**
Mazagaon Dock Ltd. **(MDL)**
and many more to follow

***Tonnes of Experience Behind Each Kg.®***

***With Best Compliments From :***

LALIT SAW PIPES

ISO 9001 : 2000
APPROVED BY IRQS

IRQS
A DEPARTMENT OF INDIAN REGISTER OF SHIPPING

ACCREDITED BY THE DUTCH COUNCIL FOR ACCREDITATION

# Lalit®

## Pipes & Pipes Ltd.

**Office :**
212, Hermes Atrium, Sec. 11,
CBD Belapur, Navi Mumbai - 400 614. (INDIA)
Tel. : 0091-22-2756 1169
Fax : 0091-22-2756 1173
E-mail : info@lalitsawpipes.com

**Works :**
Survey No. 77, Village-Varaskol
Khardi Railway Station (C.R.)
Taluka-Shahpur, Dist. Thane - 421 304.
Tel. : 0091 - 2527 - 244161/165/322/323
Fax : 0091 - 2527 - 244061
E-mail ; plant@lalitsawpipes.com

***Tonnes of Experience Behind Each Kg.®***